પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૨૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૨-૦૫-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## અમદાવાદમાં રેકોર્ડ ૪૭ ડીગ્રી, રાજ્યનાં ૧૩ શહેરમાં તાપમાનનો પારો ૪૬ ડીગ્રીને પાર

**અમદાવાદમાં મે મહિનામાં પડેલી ગરમી**

| વર્ષ | ડીગ્રી |
|---|---|
| ૨૦૧૧ | ૪૩.૪ |
| ૨૦૧૨ | ૪૩ |
| ૨૦૧૩ | ૪૪.૩ |
| ૨૦૧૪ | ૪૪.૫ |
| ૨૦૧૫ | ૪૪.૬ |
| ૨૦૧૬ | ૪૮ |
| ૨૦૧૭ | ૪૩.૬ |
| ૨૦૧૮ | ૪૪.૮ |
| ૨૦૧૯ | ૪૪.૩ |
| ૨૦૨૦ | ૪૪.૧ |
| ૨૦૨૧ | ૪૩ |
| ૨૦૨૨ | ૪૭ |



### ગાંધીનગર, ઈડર, મહેસાણા, હિંમતનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાત જાણે અગનભઠ્ઠી બન્યું

અમદાવાદ,
ગુજરાત આ ઉનાળે રીતસર અગનભઠ્ઠી બની ગયું છે અને અમદાવાદમાં આજે તાપમાન ૪૭ ડીગ્રીને પાર થઈ ગયું છે. હજી પણ આવતીકાલે પારો ૪૮ ડીગ્રીએ પહોંચશે તો ૧૦૦ વર્ષનો રેકોર્ડ તૂટશે. બીજી તરફ, રાજ્યનાં ૧૩ શહેરમાં તાપમાન આજે રેકોર્ડ ૪૬ને પાર થઈ ગયું છે અને આ ગરમીથી બચવા ક્યાં જવું અને શું કરવું એ લોકો વિચારતા થઈ ગયા છે. હજી પણ ચાર દિવસ સુધી આવી ગરમી બાદ આંશિક રાહત મળે એવી હવામાન વિભાગની આગાહી છે.

અમદાવાદમાં આજે સવારે ૮ વાગ્યે જાણે ૧૧ વાગ્યા હોય એવી ગરમી શરૂ થઈ ગઈ હતી, જ્યારે બપોરે ૨ વાગતા સુધી તો ગરમી પીક પર પહોંચી ગઈ હતી અને ૪૭ ડીગ્રી સેલ્સિયસની સર્વોચ્ચ સપાટી દેખાડી દીધી હતી. આ સ્થિતિમાં મોડી સાંજ સુધી ગરમીનો પ્રકોપ યથાવત્ રહે એવી પૂરેપૂરી શક્યતા છે. હજી પણ આવતીકાલે આ રીતે જ ભીષણ ગરમી ચાલુ રહે તો નવાઈ નહીં. બેકાબૂ સૂર્યપ્રકોપને જોતાં હવામાન વિભાગે અમદાવાદમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. અમદાવાદ સિવાય વડોદરામાં ૪૫, મહેસાણા-હિંમતનગરમાં ૪૫, ગોધરા-ખેડબ્રહ્મામાં ૪૫, નડિયાદ ૪૫, ધોળકામાં ૪૫, ભાવનગર-અમરેલીમાં ૪૩ અને રાજકોટ જૂનાગઢમાં ૪૨ ડીગ્રી તાપમાન નોંધાયું છે.

રવિવારથી ઉત્તર-પશ્ચિમના પવન શરૂ થયો હતો, જેની અસરથી રવિવારથી ગરમીનો પારો અચાનક વધ્યો છે. બંગાળની ખાડીમાં એક લો-પ્રેશર રચાયું છે, લો-પ્રેશરની અસરથી હાલમાં પવનની પેટર્ન એ રીતની થઈ છે કે રણ-સૂકા પ્રદેશના ઉત્તર અને ઉત્તર-પશ્ચિમના પવનો ખેંચાઈને નીચે થઈને બંગાળની ખાડીમાં જાય છે, જેથી રવિવારથી ગુજરાત-અમદાવાદ પર ગરમ પવનોનો મારો ચાલુ થયો છે, જેને કારણે પાકિસ્તાન, રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના મેદાની વિસ્તારોમાં હીટવેવથી ગરમીનો પારો વધ્યો છે.

## રાજયમાં ૬ હજાર કરોડના કોલસા કૌભાંડની તપાસ CIDને સોંપાઇ



ગાંધીનગર,
ગુજરાતમાં ૬ હજાર કરોડના કોલસા કૌભાંડ થયો હતો તે અંગે રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે, કૌભાંડની તપાસ સીઆઈડીને સોપવામાં આવી છે, આકૌંભાડના લીધે રાજ્ય સરકારની છબી ખરડાઈ છે,છબીને સુધારવા માટે સરકારે આ નિર્ણય લીધો છે.આ વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં કોલસા કૌભાંડ મુદ્દો ન બને તે માટે સરકાર સક્રીય થઈ છે અને આ મામલાની તપાસ સીઆઈડીને સોંપવામાં આવી છે. આ કૌભાંડમાં એક આઈએએસની ભૂમિકા પણ શંકાસ્પદ છે, આ ઉપરાંત ઉધોગ કમિશનરની કચેરીની ભૂમિકા પણ તપાસવામાં આવશે, આ સાથે રાજકીય નેતા અને અધિકારીઓની પણ ભૂમિકાની પણ તપાસ કરાશે, આ મામલે સીઆઈડી વહેંલી તકે તપાસ કરશે અને ધમધમાટ બોલાવશે, આવનાર દિવસોમાં કૌભાંડની સત્યતા બહાર આવશે.

ઉલ્લેખનીય છે કે કોલઈન્ડિયાની વિવિધ કોલસાની ખાણોમાંથી નીકળતો કોલસો ગુજરાતના લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને આપવાને બદલે ગુજરાત સરકાર દ્વારા નામાંકિત કરાયેલી એજન્સીઓ બારોબાર અન્ય રાજ્યોના ઉદ્યોગોને વેચી દે છે અને તગડો નફો કમાઈ લે છે. છેલ્લાં ૧૪ વર્ષથી આ રીતે આવતો કોલસો આ એજન્સીઓએ કાળાબજારીમાં વેચી દઈ ૬ હજાર કરોડ રૂપિયા સુધીનું કૌભાંડ આચર્યું છે. સરકારી વિભાગના એ તમામ અધિકારીઓ, કોલસા ટ્રાન્સપોર્ટ ચેઈન સાથે સંકળાયેલા પદાધિકારીઓ પાસે જ્યારે કોલસો ગાયબ થવાની હકીકત જાણવા પ્રયાસ કર્યો તો દરેકે આ મુદ્દે 'નો કોમેન્ટ્સ' કહીને મૌન સાધી લીધું છે.આ ૬ હજાર કરોડનો કૌભાંડ બહાર આવ્યો છે તેની તપાસ સીઆઈડીની સોંપવામાં આવી છે.

## રશિયા યુક્રેન યુદ્ધ : અમેરિકાનો દાવો - પુતિન યુદ્ધને લાંબુ ચલાવવા માગે છે

મોસ્કો,
રશિયા યુક્રેન યુદ્ધને ૭૦થી વધુ દિવસ થઈ ગયા છે, પરંતુ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન હજુ પણ યુદ્ધને લંબાવવા માંગે છે. અમેરિકાની નેશનલ ઈન્ટેલિજન્સના ડિરેક્ટર એવરિલ હેન્સે આ વાતનો ખુલાસો કર્યો છે. હેન્સે યુએસ સેનેટને જણાવ્યું હતું કે પુતિન યુક્રેન પર વધુ હુમલો કરવાની યોજના બનાવી રહ્યા છે. યુક્રેનની વર્તમાન સ્થિતિ સ્પષ્ટપણે આ સૂચવે છે.

હેન્સે વધુમાં કહ્યું હતુ કે, રશિયાની સેના કાળા સમુદ્રમાં મોલ્ડોવાના ઉત્તર-પૂર્વ વિસ્તારમાં પોતાના સૈનિકોની સંખ્યા વધારી રહી છે. રશિયા યુક્રેનના ડોનબાસ પ્રદેશ પર સંપૂર્ણપણે કબજે કર્યા પછી પણ તે અટકશે નહીં. આ દરમિયાન, મંગળવારે, રશિયાએ દરિયાકાંઠાના શહેર ઓડેસા પર મિસાઈલ હુમલા કરવાનું ચાલુ રાખ્યું હતું.

યુક્રેનની સ્પેશિયલ ફોર્સે રશિયાને મદદ કરવા બદલ એક મહિલાની ધરપકડ કરી છે. તે પર ખાર્કિવના કુતુઝિવકાની કોન્સ્યુલર સેક્રેટરી નાદિયા એન્ટોનોવા પરતે યુક્રેનિયન સૈનિકોની ઓળખ છતી કરવાનો આરોપ છે, જેઓ રશિયન સૈનિકોને સખત ટક્કર આપી રહ્યા છે. તે રશિયાને આવા સૈનિકોની માહિતી આપતી હતી.

નાદિયા પર રશિયાની સેનાના સમર્થનમાં લોકોને સફેદ રંગની પટ્ટી પહેરવા માટે મજબુર કરવાના પણ આરોપ છે. હકીકતમાં, યુદ્ધ દરમિયાન રશિયન સૈનિકોને સફેદ અને નારંગી રંગની પટ્ટી પહેરેલા જોવા મળ્યા હતા. જ્યારે યુક્રેનના સૈનિકો પીળા, લીલા અને વાદળી રંગના બેન્ડ પહેરેલા જોવા મળ્યા હતા.

યુએસ પ્રમુખ જો બાઈડને યુક્રેનને ૪૦ અબજ ડોલરની સહાય આપવાના પ્રસ્તાવ પર હસ્તાક્ષર કર્યા છે. યુક્રેનને આપવામાં આવનારી આ મદદ પર અમેરિકાની રિપબ્લિકન અને ડેમોક્રેટ બંને પાર્ટીના નેતાઓએ મંજૂરી આપી છે.

ફિનલેન્ડ અને સ્વીડન લોંબા સમયથી નાટો દેશોની સાથે ઉભા રહ્યો છે, પરંતુ બંન્ને દેશો તેના સભ્ય નથી. જો આ દેશો પર કોઈપણ પ્રકારનો હુમલો થેયા છે તો તેને નાટોના તમામ દેશો પર હુમલો માનવામાં આવશે નહીં. એટલે કે નાટો તેમને ગ્રુપ સિક્યોરીટીની ગેરંટી આપી શકશે નહીં. યુક્રેન પર હુમલા બાદ ફિનલેન્ડ અને સ્વીડનને રશિયાથી સૌથી વધુ જોખમ છે. એટલા માટે આજે ફિનલેન્ડ નાટોના સભ્યપદ માટે અરજી કરશે.

## ઉત્તર ગુજરાતની ૩૧.૮૦ ટકા યુવતીનાં લગ્ન ૧૮ વર્ષ પહેલાં થઈ જાય છે

મહેસાણા,
ઉત્તર ગુજરાતની પોલિટિકલ લેબ ગણાતા મહેસાણામાં બાળ લગ્નનું પ્રમાણ ૩૨.૩૦ ટકા જોવા મળી રહ્યું છે. નેશનલ ફેમિલી હેલ્થના વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ ના સર્વેમાં આ ચોંકાવનારું તારણ સામે આવ્યું છે. સર્વે પ્રમાણે ઉત્તર ગુજરાતની ૩૧.૮૦ ટકા યુવતીનાં લગ્ન ૧૮ વર્ષ પહેલાં થઈ જાય છે. તો બીજી તરફ ઉત્તર ગુજરાતમાં તમાકું અને દારુના સેવનાના પણ ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. નેશનલ ફેમિલી હેલ્થ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા સર્વેમાં ઉત્તર ગુજરાતના ૪૪૨૫ ઘર સાથે ૫૦૩૯ મહિલાઓ અને ૮૦૧ પુરૂષોને આવરી લેવામાં આવ્યાં હતા. જેમાં ૨૦ થી ૨૪ વર્ષની પરિણીતાઓના સર્વેના તારણ મુજબ ઉત્તર ગુજરાતની ૩૧.૮૦ ટકા યુવતીઓનાં લગ્ન ૧૮ વર્ષ પહેલાં થઈ જાય છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લા પ્રમાણે સ્થિતિ જોઈએ તો બનાસકાંઠામાં ૩૭.૩૦ ટકા, પાટણમાં ૩૫.૪૦ ટકા, મહેસાણામાં ૩૨.૩૦ ટકા, સાબરકાંઠામાં ૨૭ ટકા અને અરવલ્લીમાં ૨૭ ટકા મહિલાઓ એવી છે કે જેમનાં લગ્ન ૧૮ વર્ષથી નાની વયે થઈ જાય છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં ૧૫ વર્ષ કે તેથી વધુ વયના મહિલા પુરૂષના સર્વેમાં ૩૯.૩૪ ટકા પુરૂષ અને ૭.૭૦ ટકા મહિલાઓ તમાકુનું વ્યસન કરી રહી છે. જ્યારે ૪.૮૮ ટકા પુરૂષ અને ૦.૨૬ ટકા મહિલા દારુનું સેવન કરતી હોવાનું પણ અહેવાલમાં સામે આવ્યું છે.

## ૧૨ સાયન્સ-ગુજકેટની પરીક્ષાના પરિણામ તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્રસિદ્ધ થશે

અમદાવાદ,
ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં રાજ્યભરમાંથી ૯૫,૯૮૨ રેગ્યુલર તેમજ ૧૧,૯૮૪ રિપીટર વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રાવાહની ૮ એપ્રિલે પરીક્ષાઓ પૂર્ણ થઈ હતી. ત્યારે ૧૮ એપ્રિલે રાજ્યભરમાં ગુજકેટની પરીક્ષા યોજાઈ હતી. ધોરણ- ૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્ચ-એપ્રિલ ૨૦૨૨ માં લેવાયેલ પરીક્ષા અને ગુજકેટ- ૨૦૨૨ નું પરિણામ તારીખ ૧૨/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્રસિદ્ધ કરવામાં આવશે. ધોરણ ૧૨ સાયન્સ બાદ ડિગ્રી એન્જીનીયરીંગ તેમજ ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ મેળવવા ગુજકેટની પરીક્ષા ફરજિયાત છે. ગુજકેટ ૨૦૨૨ ની પરીક્ષા સાયન્સના એ, બી અને એબી ગ્રુપના વિદ્યાર્થીઓએ આપી હતી. રાજ્યભરમાં ૫,૪૬૧ બ્લોકમાં યોજાનાર પરિક્ષામાં ૧,૦૭,૬૯૪ વિદ્યાર્થીઓ પરિક્ષા માટે નોંધાયાં હતા. અમદાવાદ શહેરના ૯,૧૮૯ જ્યારે અમદાવાદ ગ્રામ્યના ૪,૯૮૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગુજકેટમાં ભૌતિક, રસાયણ, જીવ વિજ્ઞાન અને ગણિતના વિષયના પ્રશ્નો પૂછવામાં આવતા હોય છે. સવારે ૧૦ થી ૧૨ દરમિયાન ભૌતિક અને રસાયણ વિજ્ઞાનનું ૪૦-૪૦ માર્કના ૧૨૦ મિનિટનું સંયુક્ત પેપર લેવાયું હતું. ભૌતિકશાસ્ત્રના ૧ માર્કના ૪૦ પ્રશ્નો અને રસાયણશાસ્ત્રમાં પણ ૧ માર્કના ૪૦ પ્રશ્નો પુછાયા હતા. જીવવિજ્ઞાનની ૬૦ મિનિટમાં ૪૦ માર્કની પરીક્ષા લેવાઈ હતી, એક-એક માર્કના ૪૦ પ્રશ્નો પુછાયા હતા. ગણિતની ૬૦ મિનિટમાં ૪૦ માર્કની પરીક્ષા લેવાઈ હતી, એક-એક માર્કના ૪૦ પ્રશ્નો પુછાયા હતા.

## નેપાળમાં ચીને બનાવેલા એરપોર્ટ પર વડાપ્રધાન મોદી નહી ઉતરે, પડોશી દેશમાં બબાલ મચી ગઇ



નવીદિલ્હી,
બુદ્ધ જયંતિ પર નેપાળની મુલાકાતે જનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીનને મોટો ઝટકો આપશે. ँस મોદી નેપાળમાં બુદ્ધના જન્મસ્થળ લુમ્બિનીની મુલાકાત લેશે, પરંતુ ચીન દ્વારા બનાવવામાં આવેલા નેપાળના બીજા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ભૈરવા પર ઉતરશે નહીં.

પીએમ મોદીનું હેલિકોપ્ટર સીધું લુમ્બિની જશે જે ભૈરવ એરપોર્ટથી ૧૮ કિલોમીટરના અંતરે છે. નેપાળના વડા પ્રધાન શેર બહાદુર દેઉબા એ જ સમયે આ એરપોર્ટનું ઉદ્દઘાટન કરશે જ્યારે ँस મોદી લુમ્બિનીની મુલાકાત લેશે. આ સમગ્ર મડાગાંઠે નેપાળમાં રાજદ્વારી વિવાદને વેગ આપ્યો છે. ચીને ભારતની સીમાથી માત્ર ૬ કિ.મીના અંતરે આવેલા ભૈરવામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બનાવ્યું છે. લગભગ ૧૦ વર્ષમાં ૪૦ અરબ નેપાળી રૂપિયાથી બનેલું આ એરપોર્ટ દર વર્ષે ૧૦ લાખ મુસાફરોને સંભાળવાની ક્ષમતા રાખે છે, પરંતુ આ એરપોર્ટનું હજુ સુધી યોગ્ય રીતે માર્કેટીંગ થયું નથી. આને કારણે તે એક ભૂતિયા એરપોર્ટ બની ગયું છેँस મોદી માટે લુમ્બિનીમાં એક હેલીપેડ બનાવવામાં આવ્યું છે. પ્રધાનંત્રી મોદી લુમ્બિનીમાં આંતરરાષ્ટ્રીય મેડીટેશન સેન્ટરનું ઉદઘાટન કરશેँ મોદી અને નેપાળના વડાપ્રધાન દેઉબા એક બૌદ્ધ વિહારનું શિલાન્યાસ પણ કરશે. ચીન દ્વારા બનાવેલા એરપોર્ટ પર મોદી નહીં ઉતરવાના કારણે નેપાળમાં વિવાદ થયો છે. કાઠમંડુ પોસ્ટના અહેવાલ મુજબ, નાગરિક ઉડ્ડયન મંત્રાલય સાથે જોડાયેલા પૂર્વ અધિકારી સંજીવ ગૌતમે કહ્યું કે આ રાજદ્વારી નિષ્ફળતા છે. તેમણે કહ્યું, જ્યારે એક જ સમયે અને એક જ જગ્યાએ બે અલગ-અલગ કાર્યક્રમો થાય છે, ત્યારે એક કાર્યક્રમ દબાઈ જશે.ગૌતમે કહ્યું, આ નેપાળી પક્ષની નબળાઈ છે. નેપાળની મુત્સદ્દીગીરી, પછી તે અર્થતંત્ર હોય કે ઉડ્ડયન ક્ષેત્ર, હંમેશા નબળી રહી છે. અમે ફરી એકવાર નિષ્ફળ ગયા છીએ. નેપાળના ઘણા સરકારી અધિકારીઓનું કહેવુંછે કે ભારતીય પક્ષે અપીલ કરવી જોઈએ કે મોદીનું હેલિકોપ્ટર લુમ્બિનીને બદલે ભૈરવના નવા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતરે. નેપાળના એક અધિકારીએ કહ્યું, તે બંને માટે ફાયદાકારક રહેશે. જો પ્રધાનમંત્રી મોદી એરપોર્ટ પરથી ઉતરશે અને લુમ્બિની જશે, તો લોકોને તે ગમશે અને તે બંને પક્ષોને ખૂબ જ સકારાત્મક સંદેશ આપશે. કહેવામાં આવી રહ્યુંછે કે એરપોર્ટના ઉદઘાટન દરમ્યાન ચીનના ઘણા અધિકારીઓ પણ ત્યાં હાજર રહેશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કદાચ આ જ કારણ છે કે મોદીએ એરપોર્ટથી દૂર રહેવાનું પસંદ કર્યું હોય.

## મોહાલી બ્લાસ્ટની તપાસમાં પાકિસ્તાની કનેક્શન બહાર આવ્યું

મોહાલી,
પંજાબના મોહાલીમાં પોલીસના ઈન્ટેલિજન્સ યુનિટના હેડક્વાર્ટર પર થયેલા હુમલાની તપાસમાં બ્લાસ્ટ પાછળ પાકિસ્તાનનો હાથ હોવાનું સામે આવ્યું છે. પોલીસે કહ્યું છે કે હુમલામાં પાકિસ્તાન નિર્મિત રોકેટ-પ્રોપેલ્ડ ગ્રેનેડ અથવા આરપીજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પોલીસને માહિતી મળી છે કે હાલમાં પાકિસ્તાનમાં રહેલા ખાલિસ્તાની આતંકવાદી હરવિંદર સિંહ "રિંડા"ના પગપાળા સૈનિકો વિસ્ફોટ સમયે પંજાબના ગુપ્તચર વિભાગની ઈમારતની આસપાસ છુપાયેલા હતા. પોલીસે ઈન્ડિયા ટુડે ટીવીને જણાવ્યું કે મોબાઈલ ફોનનો ડેટા ડમ્પ કર્યા બાદ પુરાવા મળ્યા છે. મોહાલી પોલીસે વિસ્ફોટના સંબંધમાં અનેક શકમંદોની અટકાયત કરી પૂછપરછ કરી છે. હુમલામાં વપરાયેલ લૉન્ચર પોલીસે રિકવર કરી લીધું છે અને તમામ લીડને નજીકથી શોધી રહી છે.

મોહાલી બ્લાસ્ટ કેસમાં પંજાબ પોલીસ એક્શન મોડમાં છે. અનેક શંકાસ્પદોની પૂછપરછ કરવામાં આવી રહી છે. હુમલામાં વપરાયેલ લોન્ચર પોલીસ દ્વારા રિકવર કરવામાં આવ્યું છે અને આ કેસમાં તમામ લીડની કાળજીપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે આ કેસમાં અત્યાર સુધીમાં ૧૨ શંકાસ્પદોને કસ્ટડીમાં લીધા છે.

મોહાલીમાં પંજાબ પોલીસના ઈન્ટેલિજન્સ વિંગ હેડક્વાર્ટર પર રોકેટ-સંચાલિત ગ્રેનેડ અથવા આરપીજી ફાયર કરવામાં આવ્યું હતું, જેના કારણે વિસ્ફોટ થયો હતો જેના કારણે બારીઓ તૂટી ગઈ હતી અને ફોલ્સ સિલિંગનો એક ભાગ અસરથી તૂટી પડ્યો હતો. જોકે, આ ઘટનામાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ હોવાના અહેવાલ નથી.

ઉલ્લેખનીય છે કે વિસ્ફોટથી પંજાબમાં સુરક્ષાને લઈને ગભરાટ ફેલાયો છે. પોલીસે મોહાલીમાં અને તેની આસપાસના વિસ્તારોમાં હાઈ એલર્ટ જાહેર કરી દીધું છે.

## સરહદી ખાવડા પંથકની ધરા ધ્રુજી, ૩.૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો, ઉત્તરાખંડમાં પણ ભૂકંપ

ગાંધીનગર,
ગુજરાતના કચ્છ વિસ્તારમાં અવાર નવાર ભૂકંપના નાના મોટા આંચકા અનુભવાતા હોય છે. ત્યારે આજે સરહદી ખાવડા પંથકમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેની તીવ્રતા ૩.૨ રિક્ટર સ્કેલ માપવામાં આવી છે. ખાવડાથી ૪૮ કિમી દૂર કેન્દ્રબિંદુ નોંધાયું છે. ભુકંપના આંચકના પગલે લોકો ઘરની બહાર દોડી આવ્યા અને સરહદી વિસ્તારના લોકોમાં પણ ભયનો માહોલ સર્જાયો હતો.સૌથી વધુ તીવ્રતા કચ્છ, ભૂજના વિસ્તારમાં નોંધાઈ હતી. આ ભૂકંપના કારણે લોકો ઘરની બહાર નીકળી પડ્યા હતા પરંતુ સદ્દનસીબે, હજી કોઈ મોટી જાનહાનિના સમાચાર મળ્યા નથી. દરમિયાન ઉત્તરાખંડમાં ફરી એકવાર ધરતી ધ્રૂજી ઉઠી છે. પિથોરાગઢ જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. જ્યાં ભૂકંપ આવ્યો છે તે નેપાળ બોર્ડર પાસેનો વિસ્તાર છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૬ માપવામાં આવી હતી. મળતી માહિતી મુજબ અત્યાર સુધી કોઈ જાનહાની કે જાન-માલના નુકસાનના સમાચાર નથી. આ પહેલા ૧૨ ફેબ્રુઆરીએ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા ૪.૧ નોંધવામાં આવી છે. ભૂકંપનું કેન્દ્ર ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં હોવાનું જાણવા મળ્યું છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**આલમ ઇકબાલ એહમદ**

મુ.સાંકલી, તા.ગોધરા, જી.પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**કંજેટા લેમ્પસ મંડળી**

મુ.ટોકરવા, તા.ધાનપુર, જી.દાહોદ

### વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન, ગાંધીનગર
### જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, વાસ્મો-પંચમહાલ
### જલ જીવન મિશન "નલ સે જલ"
### જાહેર નિવિદા નં.૦૪, સને ૨૦૨૨-૨૩

યુનિટ મેનેજરશ્રી, જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, ટાઈપ ૫/૧, BSNL કવાર્ટસ, સિવિલ લાઈન્સ રોડ, ગોધરા ૩૮૯૦૦૧, વાસ્મો–પંચમહાલ દ્વારા સરકારશ્રીનાં નલ સે જલ કાર્યક્રમનાં ભાગરૂપે યોજનાની કામગીરી અંતર્ગત કુવાની કામગીરી માટે યુનિટ રેટથી કુવાની કામગીરી માટેનાં ભાવપત્રકો ઓફલાઈનથી માંગવામાં આવે છે. ટેન્ડરો ભરવાની છેલ્લી તા.૧૬–૦૫–૨૦૨૨ નાં રોજ ૧૮:૦૦ કલાક સુધી ટેન્ડર ફી રૂ.૯૦૦/– જમા કરાવી મેળવી શકાશે અને ઓફલાઈન મોકલવાની છેલ્લી તારીખ તા.૧૭–૦૫–૨૦૨૨ નાં રોજ ૧૮:૦૦ કલાક સુધી સીલ બંધ કવરમાં (ભાવપત્રક સાથે ૦૫ કુવાની કામગીરીનો અનુભવ તથા કુવાની કામગીરી પ્રગતિમાં હોઈ તેની નકલ સહિત) ઓફીસ સમય દરમ્યાન રજીસ્ટર એ.ડી., કુરીયર અથવા સ્પીડ પોસ્ટથી સાદર કરવાનાં રહેશે. આવેલ એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર યુનિટ મેનેજરશ્રી, વાસ્મોનો રહેશે.

ગ્રામ્ય કક્ષાની પાણી પુરવઠા યોજનાઓ માટે રાજ્યકક્ષાએ દિવસ રાત કંટ્રોલ રૂમ કાર્યરત છે. જયા ટોલ ફ્રી નંબર–૧૯૧૬ ઉપર પાણી સબંધિત ફરિયાદ/સુચનો માટે સંપર્ક કરી શકાય.

યુનિટ મેનેજર
જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ
પંચમહાલ

માહિતી/ગોધરા/૧૩૩/૨૦૨૨

### વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન, ગાંધીનગર
### જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, વાસ્મો-પંચમહાલ
### જલ જીવન મિશન "નલ સે જલ"
### જાહેર નિવિદા નં.૦૩, સને ૨૦૨૨-૨૩

ટેન્ડર આઈ.ડી.–૫૨૩૯૨૦, ૫૨૩૯૫૧,

યુનિટ મેનેજરશ્રી, જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, ટાઈપ ૫/૧, BSNL કવાર્ટસ, સિવિલ લાઈન્સ રોડ, ગોધરા ૩૮૯૦૦૧, વાસ્મો–પંચમહાલ દ્વારા અધ્યક્ષશ્રી, ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિઓ વતી ઈ–૨ કલાસ તથા તેનાથી ઉપરનાં કલાસનું રજીસ્ટ્રેશન ધરાવતાં ઠેકેદારો પાસેથી પંચમહાલ જીલ્લાનાં જુદા જુદા ગામોમાં યુનિટ રેટથી કુવાની કામગીરી તથા પી.વી.સી. વિતરણ પાઈપલાઈનનાં કામોની અંદાજીત કિંમત રૂ.૧૯૯.૯૮ લાખ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડરો ઓનલાઈન ભરવાની છેલ્લી તા.૧૮–૦૫–૨૦૨૨ નાં રોજ ૧૮:૦૦ કલાક સુધી અને ફીઝીકલ ડોક્યુમેન્ટ સ્વીકારવાની અંતિમ તારીખ તા.૧૯–૦૫–૨૦૨૨ ઓફીસ સમય દરમ્યાન રહેશે. ફીઝીકલ ડોક્યુમેન્ટ રજીસ્ટર એ.ડી. અથવા સ્પીડ પોસ્ટથી સાદર કરવાનાં રહેશે. ટેન્ડર અન્વયે વધુ વિગતો વેબ સાઈટ www.nprocure.com પર ઉપલબ્ધ છે, ટેન્ડર અન્વયે જરૂરી ફેરફાર/સુધારાની વિગતો માત્ર ઓનલાઈન જોઈ શકાશે.

નોંધ :– કોઈપણ ટેન્ડર સ્વીકારવુ કે ટેન્ડર રદ કરવાની સત્તા પાણી સમિતિ–જીલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ અથવા ઉપલી સમકક્ષ સત્તાની રહેશે. ગ્રામ્ય કક્ષાની પાણી પુરવઠા યોજનાઓ માટે રાજ્યકક્ષાએ દિવસ રાત કંટ્રોલ રૂમ કાર્યરત છે. જયા ટોલ ફ્રી નંબર–૧૯૧૬ ઉપર પાણી સબંધિત ફરિયાદ/સુચનો માટે સંપર્ક કરી શકાય.

યુનિટ મેનેજર
જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ
પંચમહાલ

માહિતી/ગોધરા/૧૩૪/૨૦૨૨

તા.૧૨/૦૫/૨૦૨૨
ગુરુવાર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# લુણાવાડા ખાતે મહીસાગર પ્રિમિયર લીગ ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે પ્રારંભ

લુણાવાડા,

ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીએ મહીસાગર જિલ્લાના યુવાનો પોતાની પ્રતિભા કૌશલ્ય ઉપસાવી વૈશ્વિક સ્તરે ગુજરાત અને દેશનું નામ રોશન કરે તે હેતુથી રાજયના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં મહીસાગર જિલ્લામાં ગોહિલના મુવાડાથી લુણાવાડાની વચ્ચે દેશના અત્યાધુનિક સ્પોર્ટસ સેન્ટરો જેવું જ આધુનિક સ્પોર્ટસ સેન્ટર બનાવવા માટે ૧૫ એકર જમીનમાં બનાવવાનું નકકી કરવામાં આવ્યું છે તેમ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, આ માટે રાજય સરકારે જગ્યાની કામગીરી પૂર્ણ કરી દીધી છે અને સ્પોર્ટસ સેન્ટરના પ્લાન માટે કામગીરી ચાલુ કરી દેવાની સાથે રૂા. પાંચ કરોડની ફાળવણી કરી દેવામાં આવી છે.

મહીસાગર જિલ્લાના ચાવડીબાઇના મુવાડા ખાતે બાવન પાટીદાર સમાજ આયોજિત યુથ નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટનો ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીએ રાજયના ઉચ્ચ શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઇ ડીંડોર અને પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ તેમજ લુણાવાડાના ધારાસભ્ય જીજ્ઞેશભાઇ સેવકની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. સાથે મહીસાગર પ્રિમિયર લીગ ડે-નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટ લુણાવાડા ખાતે ઉપસ્થિત રહી ક્રિકેટ પ્રેમીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.



આ પ્રસંગે ગૃહ રાજય મંત્રી સંઘવીએ મહીસાગર જિલ્લામાં સ્પોર્ટસ સેન્ટર સાકાર પામતાં જિલ્લાના પ્રતિભશાળી યુવાનો માટે આ સેન્ટર આશીર્વાદરૂપ બનવાની સાથે અહીં તેઓને જરૂરિયાત આધારિત સેવાઓ, રમત-ગમતના આધુનિક સાધનો કોચિંગ અને નિષ્ણાત પ્રશિક્ષકોની સેવાઓ પ્રાપ્ત થતાં જિલ્લાનો યુવાનો વિવિધ રમતોમાં ભાગ લઇને ગુજરાત અને દેશનું ગૌરવ વધારશે તેવી આશા વ્યકત કરી હતી.

સંઘવીએ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે નાની-મોટી મુશ્કેલીઓના નિવારણ માટે જિલ્લામાં જિલ્લા પોલીસ અધિક્ષકની આધુનિક સુવિધાઓથી સુસજ્જ કચેરી આવનારા દિવસોમાં કાર્યરત કરી દેવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ગૃહ રાજય મંત્રી સંઘવીએ આવી ટુર્નામેન્ટો અને રમતોથી યુવાનો વધુ સશકત બનવાની સાથે જિલ્લો અને લુણાવાડા વધુ સશકત બને અને ટીમ ભાવનાથી આગળ વધશે તેવી આશા વ્યકત કરી આ વિસ્તારના વિકાસ માટે સૌના સાથ-સહકારથી આગળ વધીશું તેમ કહ્યું હતું. તેમણે વધુમાં રાજય સરકારની વિકાસ યાત્રામાં સૌને સહભાગી થવા જણાવ્યું હતું.

આ પ્રસંગે રાજયના ઉચ્ચ શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઇ ડીંડોરએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં આવી રમતોથી યુવાનોમાં એકતા અને ભાતૃભાવ પેદા થાય છે તેમ જણાવ્યું હતું. તેમણે વધુમાં યુવાનોને રમતોમાં હાર-જીત થતી રહે છે ત્યારે હાર-જીતને મહત્વ ન આપતાં સર્વેમાં એકતા અને સંપ જળવાઇ રહે અને તમામ નિર્ણયોનો સ્વીકાર કરી જીવનમાં આગળ વધતા રહેવાની શીખ આપી હતી.

મંત્રી ડીંડોર રાજય સરકાર દ્વારા મહીસાગર જિલ્લાના વિકાસ માટે હાથ ધરવામાં આવેલ વિવિધ વિકાસ કામોની ઝાંખી કરાવી રાજય સરકારની આ વિકાસ યાત્રામાં સહભાગી થવા જણાવ્યું હતું.

ડીંડોરએ રાજય સરકાર ગુજરાતના નાગરિકોની આશા-આકાંક્ષાઓને સાકાર કરવાની સાથે સમાજના દરેક વર્ગની અપેક્ષાએ પૂર્ણ કરવા કટિબધ્ધ હોવાનું ઉમેર્યું હતું.

લુણાવાડાના ધારાસભ્ય જીજ્ઞેશભાઇ સેવકએ લુણાવાડા ખાતે યોજાયેલ મહીસાગર પ્રિમિયર લીગ ડે-નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લઇ રહેલ ટીમોની વિગતો આપી મહીસાગર જિલ્લામાં રાજય સરકાર દ્વારા આકાર જિલ્લાના યુવાનો માટે નિર્માણ કરવામાં આવનાર સ્પોર્ટસ સેન્ટર બદલ રાજય સરકાર પ્રતિ આભારની લાગણી વ્યકત કરી ટુર્નામેન્ટમાં ભાગ લઇ રહેલ ટીમોને રમત દરમિયાન એકતા અને સંપ જાળવી રાખવાની સાથે અમ્પાયરોના નિર્ણયને માન્ય રાખવાની શીખ આપી મહીસાગર જિલ્લાના વિકાસ માટે રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહેલ અને આગામી સમયમાં કરવામાં આવનાર વિકાસ કામોની વિગતો આપી હતી.

બાવન પાટીદાર સમાજ આયોજિત યુનાઇટેડ યુથ નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજક જયપ્રકાશ પટેલે સ્વાગત પ્રવચન કરી ટુર્નામેન્ટમાં ભાગ લઇ રહેલ ટીમોની વિગતો આપી ટુર્નામેન્ટમાં ભાગ લઇ રહેલ ટીમોને ટુર્નામેન્ટ દરમિયાન ખેલદિલીની ભાવનાથી રમતનો આનંદ માણવા જણાવ્યું હતું.

ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીએ ઉચ્ચ અને તાત્રિક શિક્ષણ રાજય મંત્રી કુબરેભાઇ ડીંડોર અને લુણાવાડાના ધારાસભ્ય જીગનેશભાઇ સેવક સાથે લુણાવાડાના પૈરાણીક જૈન મંદીરની મુલાકાત, દર્શન કરી ઉપાશ્રયના ટ્રસ્ટીઓ અને સમાજના અગ્રણીઓ સાથે સંવાદ સાધ્યો હતો. તેમજ લુણાવાડા ઇન્દીરા મેદાન ખાતે ગૃહ રાજય મંત્રીએ ક્રિકેટ રમી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ રમીલાબેન ડામોર, પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ, જિલ્લા ભા.જ.પ. પ્રમુખ દશરથસિંહ બારિયા, પંચમહાલ રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ.ભરાડા, જિલ્લા કલેક્ટર ડો. મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, પોલીસ અધિક્ષક આર.પી. બારોટ, અગ્રણી રાવજીભાઇ, પ્રદિપસિંહ રાઠોડ, સહિત જિલ્લા/તાલુકા પંચાયતના પ્રમુખઓ, સભ્યઓ, બાવન પાટીદાર સમાજના પ્રમુખ બાબુભાઇ પટેલ, સમાજના અગ્રણીઓ, સરપંચઓ તેમજ ટુર્નામેન્ટમાં ભાગ લઇ રહેલ ટીમોના ખેલાડીઓ, નાગરિકો અને ક્રિકેટ પ્રેમીઓ મેચનો લ્હાવો માણવા ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુરના પ્રતાપપુરા વિસ્તારમાં ઈકો ગાડીની ટકકરે એક વૃધ્ધાનું મોત : બાળકીને ઈજાઓ

સંતરામપુર,

સંતરામપુરના પ્રતાપપુરા વિસ્તારમાં ઈકો ગાડીની ટક્કર અકસ્માત સર્જાયો એક વૃદ્ધાનું મોત થયું એક બાળકીને ઈજા થઈ. સંતરામપુર પરતાપૂરા વિસ્તારમાં રૂપાખેડાના વતની પોતાના કામ માટે સંતરામપુર ખાતે આવેલા હતા. સંતરામપુરના પ્રતાપપુરા વિસ્તારમાં કલર પરિવારના એક લારી પાસે બરફનો ગોળો ખાવા ઉભા રહ્યા હતા. એ દરમિયાન અચાનક ઈકો ગાડી બેદરકારીથી દોડાવીને ઉભા રહેલા કાંતિભાઈ કૌશિકભાઈ કલાલ અને નાની બાળકીને ટક્કર મારીને ગંભીર ઈજા પહોંચાડી હતી. બંને વ્યક્તિને ટક્કર વાગવાથી આશરે ૨૦ ફુટ ઉછડી ને રોડ પર ફેક આઈ ગયા હતા અને શરીરના ભાગે બંને વ્યકિતઓને ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માતની ઘટના બનતા જ બુમ બરાડા થતાં જ ચારે બાજુથી લોકો દોડી આવ્યા હતો. ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્તોને સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ હતા. સ્થાનિક લોકો ઈકો ગાડીની ઈકો ગાડીનો પીછો કરવા ગયેલા હતા. રસ્તામાં સાયકલ સવારને પણ ટક્કર મારી હતી પૂરજોશમાં ઈકો ગાડી દોડાવી ને બંધ બ્રિજ ઉપર ઘુસી ગયો હતો અને ગાડી મુકીને ફરાર થઈ ગયો હતો. ગંભીર ઈજા પામનાર કાંતિભાઈ અને તેમના પરિવારની બાળકીને લુણાવાડા ખાતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કાંતિભાઈને ગંભીર ઈજાઓ થવાના કારણે સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ થયું હતું. તેમના પરિવારને સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ઈકોગાડી ચાલક સામે અકસ્માત ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરવામાં આવી હતી. સંતરામપુર પોલીસે ઈજાગ્રસ્ત અને અકસ્માત કરનાર ગાડીને પોલીસે કબજે લીધી હતી. તેમના પરિવારમાં આવી કરૂણ ઘટના બનતા માતમ છવાઈ ગયો હતો.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

# લુણાવાડા તાલુકાના વિરણીયા ગામમાં મોહલ્લા તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



લુણાવાડા,

પ્રાપ્ત માહિતી અનુસાર ઇન્ડિયન સ્કૂલ ઑફ માઈક્રો ફાઈનાન્સ ફોર વુમન, બેંક ઓફ બરોડા, આર.બી.આઇ અને એફ.એલ.સીના સંયુક્ત ઉપક્રમે લુણાવાડા તાલુકાના વીરણીયા ગામમાં મોહલ્લા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય ઉદ્દેશ લોકો સક્રિય રીતે બચત કરતા થાય અને બેંકો દ્વારા ચાલતી વિવિધ યોજનાઓથી લોકો માહિતીગાર થાય અને વધુમા વધુ ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરી લોકો સરળતાથી બેન્કિંગ વ્યવહાર કરતા થાય તે રહેલો છે તેનું માર્ગદર્શન આપવા માટે RBI માંથી યશરાજ મધ્ય ગુજરાત કો-ઓર્ડીનેટર જીતુભાઈ બારિયા, Rseti માંથી રાજેન્દ્ર બારિયા, FLC માંથી આર.એમ. પટેલ, લુણાવાડાના એફ .સી હિતેશભાઈ વગેરે એ માહિતી આપે હતી સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ખાનપુર તાલુકામાં કામ કરતાં હસમુખ બામણીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

**આઝાદીના ૭૫ માં અમૃત મહોત્સવ નિમિત્તે લુણાવાડાના લોકપ્રિય ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક દ્વારા આયોજિત ડે નાઈટ ટુર્નામેન્ટમાં સિમળવાડા ૧૧ તેમજ બીઈંગ હ્યુમન A ની મેચ રાખેલ હતી. જેમાં બીઈંગ હ્યુમન A ટીમ A ૧૧૯ રન ફટકાર્યા હતા અને સિમલવાડા ૧૧ એ માત્ર ૭૫ રન બનાવ્યા હતા. જેમાં મેન ઓફ ધી મેચ જે ખેલાડીએ ચાર વિકેટ લઈ મેચમાં જાન પૂરી દીધી. એવા અનિકેત ભોઈને પંચમહાલ સમચારના પત્રકાર દ્વારા એવોર્ડ આપવામાં આવ્યો હતો.**



# વિરપુરના સરાડીયા ગામે પરિણિતાએ સાસરીયાના ત્રાસથી આપઘાતના કેસમાં ત્રણ વ્યકિતઓને સાત વર્ષની કેદ ફટકારતી કોર્ટ

મલેકપુર,

મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકાના સરાડિયા ગામની પરિણિતાએ સાસરીયાના ત્રાસથી ઉંદરા ગામની સીમમાં આવેલા કુવામાં ઝંપલાવી આપઘાત કરી લેતા આ કેસ મહિસાગર સેશન્સ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે દુષ્પ્રેરણા કરતા પતિ તથા સાસુ-સસરાને સાત વર્ષની કેદ અને દંડ ફટકાર્યો હતો.

સરાડીયા ગામની પરિણિતા મનીશાબેનને પતિ, સાસુ અને સસરા દ્વારા શારીરિક તથા માનસિક ત્રાસ આપી કહેતા હતા કે, તને બરાબર જમવાનુ બનાવતા આવડતુ નથી, તારે વિસ્તારમાં કઈ થતુ નથી, તુ વાંઝણી છે તેમ કહી મેણા-ટોણા મારી, માર મારી મરી જવા માટે દુષ્પ્રેરણા આપતા હતા જેથી મનીશાબેનથી આ ત્રાસ સહન નહિ થતાં ઉંદરા ગામની સીમમાં આવેલ કુવામાં પડી ડુબી જતા મોત નીપજયું હતુ. આ ગુનાનો કેસ પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ જજ એચ.એ.દવેની કોર્ટમાં ચાલી જતાં કોર્ટે કેસમાં કુલ ૮ સાક્ષીઓ તપાસ્યા હતા. સરકારી વકીલ એસ.આર.ડામોરની દલીલોને ઘ્યાને લઈ મરણ જનારના પતિ નામે શૈલેષકુમાર કાંતિભાઈ સોલંકી, મરનારના સસરા કાંતિભાઈ ધુળાભાઈ સોલંકી, તથા સાસુ મંજુલાબેન કાંતિભાઈ સોલંકી (તમામ રહે.ધાંટી ભાગ-૧, સરાડીયા, તા.વિરપુર,જિ.મહિસાગર,હાલ રહે.મીટકો ફેકટરીની બાજુમાં, વટવા, તા.જિ.અમદાવાદ)ને આ ગુનાના કામે તમામ આરોપીઓને ગુનામાં કસુરવાર ઠેરવી ૭ વર્ષની કેદ તથા રૂ.૧૦ હજાર દંડ અને દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજા તથા ગુનામાં કસુરવાર ઠેરવી બે વર્ષની સાદી કેદની સજા તથા રૂપિયા પાંચ હજાર દંડ અને દંડ ન ભરે તો વધુ છ માસની સાદી કેદની સજા ફરમાવતો હુકમ કર્યો હતો.

# મહીસાગર જિલ્લાની ચાર ખાનગી હોસ્પિટલોને ૧૮ થી ૫૯ વર્ષની વયજૂથની વ્યકિતઓને પ્રિકોશન ડોઝ આપવા માટે માન્યતા આપવામાં આવી

લુણાવાડા,

વૈશ્વિક મહામારી કોરોના સામે લડત આપવા માટે માનવ શરીરમાં જરૂરી રોગપ્રતિકારક શકિત મજબૂત કરવા અર્થે રસીકરણ એક મજબૂત અને અસરકારક સાબિત થયું છે. રાજયના ૧૮ થી ૫૯ વર્ષની વય જૂથની વ્યકિતઓ કે જેઓએ બે ડોઝ લીધા હોય હોય તેવી વ્યકિતઓ બીજો ડોઝ મૂકાવ્યાના ૯(નવ) માસ બાદ પ્રિકોશન (બુસ્ટર) ડોઝ લઇ શકે છે. રાજય સરકાર દ્વારા આવો પ્રીકોશન ડોઝ ફ્રન્ટ લાઇન કાર્યકર, આરોગ્ય કર્મચારી તેમજ સીનિયર સિટીઝનને નિઃશુલ્ક આપવમાં આવે છે. જયારે અન્ય વ્યકિતઓએ ખાનગી રસીકરણ કેન્દ્ર ખાતે આવો પ્રિકોશન ડોઝ (બુસ્ટર) લેવાનો રહે છે.

આ માટે રાજય સરકાર દ્વારા ખાનગી હોસ્પિટલોને રસીકરણ કેન્દ્રો શરૂ કરવા માટેની માન્યતા આપવામાં આવી રહી છે. આ ખાનગી હોસ્પિટલોના રસીકરણ કેન્દ્રો ખાતે પ્રિકોશન ડોઝ ઘટાડેલા દરે મળી રહે તે માટે ભાવ નિયત કરવામાં આવ્યા છે.

તદ્‌અનુસાર આ ખાનગી હોસ્પિટલોના રસીકરણ કેન્દ્રો ખાતે હોસ્પિટલ લાભાર્થી વ્યકિત પાસેથી રૂા. ૨૨૫/- વેકિસન ખર્ચ + ૫ % જીએસટી + વધુમાં વધુ રૂા. ૧૫૦/- સર્વિસ ચાર્જ મળી પ્રતિ ડોઝ રૂા. ૩૮૪/- નિયત કરવામાં આવ્યા છે. રાજય સરકાર દ્વારા આપવામાં આવેલ મંજૂરી અનુસાર મહીસાગર જિલ્લામાં પણ ચાર ખાનગી હોસ્પિટલોની ૧૮ થી ૫૯ વર્ષની વયજૂથની વ્યકતિઓને પ્રીકોશન ડોઝ માટે માન્યતા આપવામાં આવી છે જેમાં લુણાવાડાની લીલાવતી હોસ્પિટલ અને આયુષ મલ્ટી સ્પેશીયાલિટી હોસ્પિટલ, સંતરામપુરની સુકમાલનંદી હોસ્પિટલ તથા બાલાસિનોરની કે.એસ.પી. હોસ્પિટલને માન્યતા આપવામાં આવી હોઇ આ હોસ્પીટલ ખાતે આ વયજૂથની વ્યકિતઓ નિયત કરવામાં આવેલ દરે પ્રીકોશન ડોઝ મૂકાવી શકશે એમ મહીસાગર-લુણાવાડાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

# ગરમીએ રોદ્ર સ્વરૂપ લેતા લુણાવાડા માર્ગ સુમસામ

લુણાવાડા,

મહીસાગર જિલ્લામાં દર વર્ષે કરતા આ વખતે ઉનાળા ની મદય માં આ વખતે સૌથી વધુ ગરમીની અસર શરૂ થઈ હોય તેવો ઘાટ સર્જાયો છે.

જે પ્રકારે મે ની શરૂઆત થઈ છે તેમ તેમ સૂર્યનારાયણ વધુ આકરા બનતા જાય છે. જેના કારણે જિલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં સૌથી વધુ તાપમાનનો પારો બુધવાર ના રોજ જોવા મળ્યો ૪૭ ડિગ્રીએ જોવા મળતા તેની અસર જનજીવન અને પશુપંખી પર થઈ છે. જિલ્લામાં સૌથી વધુ વૃક્ષો નું નિકંદન થવાના કારણે જિલ્લાને ખાસ કરીને ઉનાળામાં સૌથી વધુ ગરમી સહન કરવાનો દર વર્ષે વારો આવે છે. જેના કારણે આ વર્ષે પણ મહીસાગર માં તાપમાનનો પારો ૪૪ થી ૪૭ ડિગ્રીએ પહોંચ્યો હતો. મહીસાગર સહિત રાજ્યમાં તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે મે ની શરૂઆત ગરમ બનતી જતાં લોકોને બપોરના સમયે જ ઘરમાં પૂરાઈ રહેવાનો ઘાટ સર્જાયો છે. મે ના છેલ્લા ૧૧ દિવસો દરમિયાન ૪૩ થી ૪૭ ઉપરની ડિગ્રીએ સૂરજ નારાયણ તપી રહ્યા છે. પરિણામે જિલ્લામાં વધતા તાપમાનના કારણે પશુપંખીઓ સહિત લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ૧૧ મે ના રોજ મહીસાગર જિલ્લાનું ૪૭ ડિગ્રી તાપમાન ગુગલ લોકેશન ટેમ્પરેચર દ્વારા તાપમાન ચેક કરવામાં આવ્યું હતું અને ખૂબ સેર થયું હતું. આ ઉનાળાનો સૌથી ગરમ ધ્યાને આવ્યો હતો. દિવસે દિવસે વધતા ગરમીના પારાના કારણે તેની અસર જનજીવન સાથે પશુપંખીઓ પર જોવા મળી હતી. ખાસ કરીને છેલ્લા ત્રણ દિવસમાં જ ગરમીનો પારો વધતો જતો જોવા મળ્યો હતો. એક સપ્તાહથી ગરમીમાં સતત વધારો થઇ રહ્યો છે. ગરમ પવન સાથે લૂ જેવી પરિસ્થિતિ જિલ્લામાં સર્જાતા લોકોએ ઠંડા પીણા તેમજ એસીના સહારે ગરમીથી બચવાના પ્રયાસો કર્યા હતા.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા



**દિવસે દિવસે ગરમીનું પ્રમાણ આસમાન ઉપર ચડી રહ્યું. ત્યારે લોકો ગરમીથી બચવા પંખા કૂલર એ.સી અને રાહદારીઓ તો અમુકવાર ઝાડ નીચે બેસી ગરમી થી બચવાના પ્રયત્નો કરતા હોય છે, પણ નાનકડી દુકાન ધનાર એક નાનો વેપારી દુકાનની અંદર ઊંઘીને ગરમીનો સમય પસાર કરી તેવો એક દ્રશ્ય પંચમહાલ જિલ્લાના ગોધરા વિશાલ કોમ્પલેકસ નજીક ભરબપોરે ગેહેરી ઊંઘમાં નજરે પડી રહ્યો છે.**

# ગરબાડાના ગુલબાર ગામે જાહેરમાં તલવાર લઈ જવાની ના પાડતા બે વ્યકિતઓને ગડદાપાટુનો મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગુલબાર ગામે જાહેરમાં તલવાર લઈ જવા ના પાડતાં બે ઈસમ એકદમ ઉશ્કેરાઈ જઈ બે વ્યક્તિઓને તલવાર વડે તથા ગડદાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૧૦મી મેના રોજ ગુલબાર ગામે રહેતાં નરેશભાઈ ભુરાભાઈ ભાભોર અને સુરેશભાઈ જોખાભાઈ ભાભોર ખુલ્લી તલવાર લઈ જાહેરમાં ફરતાં હતા. તે સમયે ગુલબાર ગામે થાણા ફળિયામાં રહેતાં અંકિતભાઈ વજેસીંગભાઈ મંડોડે, તું ખુલ્લી તલવાર લઈ કેમ ફરે છે, તેમ કહેતાં ઉપરોકત બંન્ને જણા એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પોતાના હાથમાંની તલવાર અંકિતભાઈના હાથના ભાગે મારી તેમજ ચિરાગભાઈને ગડદાપાટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત અંકિતભાઈ વજેસીંગભાઈ મંડોડે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ : આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. આજે તમને દરેક ક્ષેત્રમાં લાભ મળશે. કરિયરમાં તમને મિત્રોનો સહયોગ પણ મળશે. સાસરિયાઓથી લાભનો યોગ છે.

વૃષભ : આજે વૃષભ રાશિના જાતકો નિર્ભયતાથી કાર્યો પાર પાડી શકશે. જીવનસાથી સાથે આજનો દિવસ ખૂબ જ મધુર રહેશે. સાંજથી રાત સુધીમાં મુસાફરીની શક્યતા બની રહી છે. આજે તમે નીડર રહેશો.

મિથુન : આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે. નોકરીમાં ગુપ્ત દુશ્મનો હેરાન કરશે જે સાંજે મુશ્કેલીનું કારણ બની શકે છે. તમારી ગુરુ પ્રત્યેની ભક્તિ અને નિષ્ઠાને પૂર્ણ રાખો.

કર્ક : આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. સ્થાયી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે. તમારા પિતાના આશીર્વાદથી સરકાર દ્વારા સન્માનિત થવાની સંભાવના હશે. સાંજના સમયે તમારી માતાના શારીરિક દર્દને લીધે તમને થોડી તકલીફ થશે.

સિંહ : આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. તમારી વર્તણૂક સાથે આ ધ્યાનમાં રાખો અને ભોજનમાં ધ્યાન રાખો. જો તમારા પૈસા ક્યાંક અટકેલા છે તો તમે આજે મેળવી શકો છો. બુદ્ધિથી લીધેલા નિર્ણયો ફાયદાકારક રહેશે.

કન્યા : ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો છેલ્લા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય તો તેમાં સુધારો થશે. બાળકો તરફથી સારા સમાચાર મળવાના સંકેત છે. ભત્રીજાનો સહયોગ મળે તેવી સંભાવના રહેશે. તમારી વાણીને નિયંત્રિત કરો, તમે તમારી કાર્યક્ષમતાથી બધે વિજય, સફળતા પ્રાપ્ત કરશો.

તુલા : આજે તમારે નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો. ભૌતિક વસ્તુઓ પર ખર્ચા વધુ થશે. શત્રુઓ તેમના કાવતરામાં સફળ થઈ શકશે નહીં. ખુશ મૂડ વ્યક્તિ હોવાના કારણે અન્ય લોકો તમારી સાથે સંબંધો બનાવવા માગશે.

વૃશ્ચિક : જો તમે વિદ્યાર્થી છો, તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો. આજે, સંભવ છે કે તમારા પર કોઈ બાબતનો આરોપ મૂકવામાં આવશે. પરંતુ ચિંતા કરશો નહીં, કંઈક એવું બનશે કે તમે તમારી વાત સાચી સાબિત કરી શકશો. માતાપિતા, ગુરુ પ્રત્યેની નિષ્ઠા, ભક્તિ તમારી પ્રતિષ્ઠા વધારવામાં મદદ કરશે.

ધનુ : આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે. જૂના રોકાયેલા કાર્યો થોડો ખર્ચ કરીને પૂરા કરી શકાય છે. નવી યોજનાઓ પર કામ આજથી શરૂ થશે. શત્રુઓ તમારી શકિત જોઈને નિરાશ થશે.

મકર : આજે તમને પૂર્વજો તરફથી પૈસા મળવાની સંભાવના છે. આજે મંત્ર-તંત્રમાં તમારી રુચિ વધી શકે છે. પૂછ્યા વિના કોઈને સલાહ ના આપો, તેની વિપરિત અસર પડશે. રાત્રે તમે શુભ કામ કરવામાં વ્યસ્ત રહેશો, જે તમારું મન શાંત અને પ્રસન્ન રાખે છે.

કુંભ : આજે આવકથી વધુ ખર્ચા થશે. બાળકો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્ય દ્વારા તમારું માન વધારશે. તમે તમારા ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો. સાંજથી રાત સુધી પ્રિયજનોને મળતા મન પ્રસન્ન રહેશે. આજે આનંદમાં સમય વિતાવશો.

મીન : આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા ભારે પ્રયત્નોથી ઈચ્છા પૂર્ણ થશે. ગુરુ એ નિયમનો પ્રતિનિધિ છે, તેથી નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે. સાંજ ધાર્મિક કાર્યક્રમોમાં વિતાવશો. શુભ ખર્ચા વધશે.

# દાહોદ ખાતે કાર્યરત જમીન ચકાસણી લેબમાં દાહોદ અને મહીસાગર, પંચમહાલ જિલ્લાની જમીનનું થાય છે પૃથ્થકરણ

દાહોદ,

ખેડૂતો પોતાની જમીનની ચકાસણી કરાવીને ખેત ઉત્પાદનમાં ધરખમ વધારો કરી શકે છે. દાહોદ ખાતેની જમીન ચકાસણી પ્રયોગશાળા ખાતે માત્ર રૂ. ૧૫ ના નજીવા શુલ્ક સાથે જમીનની ચકાસણી કરાય છે. વર્ષ ૨૦૦૩ થી અત્યાર સુધીમાં જમીન ચકાસણી પ્રયોગશાળા ખાતે કુલ ૧,૫૫,૬૬૪ જમીનના નમૂનાનું પૃથ્થકરણ કરી સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરાયું છે. ત્રણેક જિલ્લા દાહોદ, પંચમહાલ અને મહીસાગર જિલ્લાના ખેડૂતો આ પ્રયોગશાળાનો લાભ લઈને પોતાના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો કર્યો છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદનાં જમીન ચકાસણી પ્રયોગશાળાના મદદનીશ ખેતી નિયામક યુ.જે. પટેલ જણાવે છે કે, ખેત ઉત્પાદન વધારવા સમયાંતરે ખેડૂતો તેની જમીનની ચકાસણી કરાવે તે આવશ્યક છે. જમીનમાં જુદાં–જુદાં પોષક તત્વોની જાણકારી માટે, જમીનની ફળદ્રુપતાની કક્ષા નક્કી કરવા, જમીન કયા ખેતી પાકો માટે અનુકુળ છે, ખેતી પાકોને યોગ્ય અને સમતોલ માત્રામાં ખાતર આપવા જમીનનુ બંધારણ નક્કી કરવા, જમીનમા રહેલ નિતાર શક્તિ, ભેજ સંગ્રહ શકિત સહિતની બાબતો માટે જમીનનું પૃથ્થકરણ ચકાસણી આવશ્યક છે.

તેઓ ઉમેરે છે કે, તેના આધારે કયાં પોષકતત્વો આપવા પડશે તેમજ સુધારણા માટે કયાં પગલા લેવા પડશે તેની ભલામણ કરવામાં આવે છે. ઉપરોકત ભલામણને આધારે ખાતરનો ઉપયોગ કરવાથી મહત્તમ ઉત્પાદન મળે છે અને ખેડૂતોને આર્થિક ફાયદો થાય છે. મદદનીશ ખેતી નિયામકની કચેરી જમીન ચકાસણી પ્રયોગશાળા ખાતે માત્ર રૂ.૧૫ની ફી ભરવાથી જમીનની ચકાસણી ખેડૂતો કરાવી શકે છે.

જમીન ચકાસણી માટે જમીનનો નમુનો કેવી રીતે લેવો તે વિશે જણાવતા પટેલ કહે છે કે, જમીનનો યોગ્ય નમૂનો લેવા એક વિઘા દીઠ એક નમૂનો લેવો. આ નમૂનો કોદાળી વડે અંગ્રેજીમાં વી આકારનો ખાડો કરી અડધા ફુટેથી માટી લેવી. આ નમુનો લેતા અગાઉ જમીનના ઉપરના ભાગમાંથી કાંકરા, કચરો દુર કરવા. જમીનનો ઉપરથી નીચે સુધીનો સળંગ સમાંતર ભાગ આવી જાય તે રીતે માટી લેવી ખાસ જરૂરી છે. આ રીતે લીધેલા માટીને એક જગ્યાએ ભેગી કરી, બરાબર મિશ્ર કરી તેના ચાર ભાગ કરો. સામ સામેના બે ભાગ કાઢી નાખો, બાકીના બે ભાગ મીશ્રણ કરો. આ પ્રમાણે પ્રક્રીયા બાદ તેમાંથી અડધો કિલો જેટલી બાકી રહેતી માટી પ્લાસ્ટીક અથવા કાપડની સારી કોથળીમાં ભરી ચકાસણી માટે મોકલવી.

જે કોઈ ખેડૂત ખાતેદાર પોતાના ખેતરની માટીના નમુનાનું પૃથ્થકરણ કરાવવા માગતા હોય તેઓ આ નમુનો લઈ મદદનીશ ખેતી નિયામકની કચેરી, જમીન ચકાસણી પ્રયોગશાળા, ગોવિંદ નગર રોડ, ચાકલીયા ચોકડી, દાહોદની કચેરીને પહોંચતા કરવાના રહેશે. જમીનના નમુના લેવાની પદ્ધતિ અને બાબતે સંપુર્ણ વિગતો માટે ગ્રામકક્ષાએ ગ્રામ સેવક તેજ તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારી (ખેતી) નો સંપર્ક કરી શકાશે.

## ઝાલોદ બાયપાસ થી રાજસ્થાન ઓવરલોડ રેતી ભરેલ ૮ ડમ્પર ઝડપી લેવાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં રેતી ખનન માફિયાઓનો ત્રાસ દિન પ્રતિદિન વધી રહ્યો ત્યારે ગતરોજ ઝાલોદ પોલીસે ઝાલોદ બાયપાસથી રાજસ્થાન જતાં ઓવર લોડ રેતી ભરેલ આઠ ડમ્પર (ટ્રકો) ઝડપી પાડતાં ચકચાર મચી જવા પામી છે.

ગતરોજ ઝાલોદ પોલીસને મળેલ બાતમીના આધારે ઝાલોદ બાયપાસ થી રાજસ્થાન જતાં માર્ગ ઉપર વોચ ગોઠવી ઉભા હતા. તે સમયે બાતમીમાં દર્શાવેલ ડમ્પરો (ટ્રક) એકપછી એક ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને આઠેય ડમ્પરોને ઉભી રખાવી ડમ્પરોની તલાસી લેતાં તેમાં



ઓવર લોડ પાસ પરમીટ વગર રેતી ભરેલ હતી. પોલીસે આઠેય ડમ્પરોનો કબજો લઈ પોલીસ મથકે લઈ આવ્યાં હતાં ત્યારે આ ડમ્પરોમાં રેતી ભરી ગુજરાતથી રાજસ્થાન લઈ જવાતી હોવાનું જાણવા મળી રહ્યું છે. સમગ્ર મામલે દાહોદ જિલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા પણ સજાગતા વાપરી રેતી માફિયાઓ ઉપર કાર્યવાહી કરવામાં આવે તેવી લાગણી અને માંગણી લોકોમાં ઉઠવા પામી છે. દાહોદ જિલ્લામાં રેતી માફિયાઓ બેફામ બની રહ્યાં છે અને ખાણ ખનીજ વિભાગની નજરો રહેમ હેઠળ રેતીનો કાળો કારોબાર ચાલતો હોવાની છડેચોક બુમો ઉઠવા પામી છે. ત્યારે જે કામગીરી ખાણ ખનીજ વિભાગને કરવાની હોય તે કામગીરી પોલીસે કરતાં લોકોમાં અનેક સવાલો પણ ઉભા થવા પામ્યો છે. દાહોદ જિલ્લામાંથી ગેરકાયદે રીતે મોટા પ્રમાણમાં રેતી ખનન થઈ રહ્યું છે. ત્યારે આ મામલે સંલગ્ન તંત્ર નજર રાખી આવા રેતી ખનન માફિયાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરે તે જરૂરી છે.

## દાહોદ બસ સ્ટેશન પાસે રસ્તા ઉપર ગાડી મૂકી દેતાં ટ્રાફિક જામના દ્રશ્યો

દાહોદ,

દાહોદ શહેરના બસ સ્ટેશનની આગળ કોંગ્રેસના ગાંધીનગર જિલ્લા પ્રમુખ લખેલ એક કારના ચાલકે ગાડી રસ્તાની વચ્ચોવચ્ચે ઉભી કરી દેતાં બસ સ્ટેશન વિસ્તારમાં ભારે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયાં હતા. ત્યારે અહીંથી અવર જવર કરતાં લોકોમાં પણ ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

ગતરોજ દાહોદ ખાતે કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીએ આદિવાસી સત્યાગ્રહ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતા. ત્યારે બીજી તરફ ગુજરાત ભરના કોંગ્રેસના અગ્રણીઓ સહિત કાર્યકરો દાહોદ ખાતે આ કાર્યક્રમમાં



હાજરી આપવા પણ પહોંચ્યાં હતા. ત્યારે બીજી તરફ ગતરોજ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિનું બોર્ડ મારેલ એક કારના ચાલકે પોતાની કારને દાહોદ બસ સ્ટેશન બહાર રસ્તાની વચ્ચોવચ્ચ ઉભી કરી દીંધી હતી અને ગાડીનો ચાલક ક્યાંક જતો રહ્યો હતો. ત્યારે ગાડી રસ્તાની વચ્ચો વચ્ચ પાર્ક કરી દેતાં બસ સ્ટેશન ખાતે આવતી જતી બસો બસોને બસ સ્ટેશનમાં જવા માટે ભારે હાલાકીનો સામાનો કરવો પડ્યો હતો અને બસો રસ્તાની આસપાસ ભેગી થઈ ગઈ હતી. તો બીજી તરફ અન્ય વાહનો પણ અટવાઈ પડતાં બસ સ્ટેશન વિસ્તારમાં ભારે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયાં હતા. જેને પગલે વાહનો સહિત અવર જવર કરતાં લોકોમાં ભારે આક્રોશ પણ ફેલાયો હતો. ત્યારે ઘણો સમય વિતી ગયાં બાદ ગાડીનો ચાલક આવી ગાડી ખસેડી હતી.

## દે.બારીયા સરકારી હોસ્પિટલમાં વાત્સલ્ય આરોગ્ય માં કાર્ડ બનાવનાર કોમ્પ્યુટર ઓપરેટરનું મહેનતાણું ક્યારે મળશે...?

દે.બારીયા,

દે.બારીયાના સરકારી હોસ્પિટલમાં માં વાત્સલ્ય આરોગ્યલક્ષી કાર્ડ બનાવનાર ઓપરેટરોનું મહેનતાણું છેલ્લા નવ માસથી કોન્ટ્રાકટર આપ્યો નથી અને ઉપરથી જે ઓપરેટર કાર્ડ બનાવ માટે સેવા આપે છે. તેને છુટો કરી દેવાની ધમકી આપે છે. તે કેટલું વ્યાજબી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા સરકારી હોસ્પિટલમાં ઓપરેટરનું નવ માસથી માં કાર્ડ બનાવે છે. તેમને એક કાર્ડ બનાવી આપવા પેટે રૂા.૫/–નું નજીવી મહેનતાણું જે દાહોદ અને પંચમહાલ આ બન્ને જીલ્લાનો કોન્ટ્રાકટર પેંટે માણસો નિયુકત કરેલા છે. તેમનું મહેનતાણું આપવા માટે આનાકાની અને ગલ્લાતલ્લા કરતો જોવા મળે છે. દે.બારીયાના કોમ્પ્યુટર ઓપરેટર તરીકે સેવા આપતા અલ્પેશ નાધોરા એ મહેનતાણાની માંગણી મુકતા કોન્ટ્રાકટરને પોતાની પોલ ખોલે તે પહેલા કારણદર્શક નોટીસ આપ્યા વગર નોકરી ઉપર થી બરતરફ કરી દેવાની ડી.એમ.ઓ. પટેલ વતી મૌખિક સુચના આપી ગયા આ ઓપરેટરોની ભૂલ એટલી જ છે કે, તેમણે પોતાના હકનું મહેનતાણાની માંગ ઉઠાવી શું ? લોકતંત્રમાં પોતાના મહેનતનું મહેનતાણું માંગવાનો અધીકાર નથી. તે માટે જીલ્લાના પદના અધિકારીઓ આ ગંભીર બાબત કોન્ટ્રાકટરનો જવાબ માંગે કે પછી ડી.એમ.ઓ. પટેલ પણ આવા કોન્ટ્રાકટરને છાવરે છે ? અને તેની સાથે ભાગ બટાવનું સેટીંગ ચાલી રહ્યું છે ? તેવું બન્ને જીલ્લાઓના કોમ્પ્યુટર ઓપરેટરોમાં ચર્ચાઈ રહ્યું છે.

## ભારત સરકારના કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના સંભવિત કાર્યક્રમના સુચારૂં આયોજન અંગે પંચમહાલ જિલ્લા કલેકટર સુજલ મયાત્રાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી ના ઓકિસજન પ્લાન્ટ અને પંચમહાલ ડિસ્ટ્રિકટ કો.ઓ.બેન્કના નવનિર્મિત ભવનના લોકાર્પણ સમારોહના સંભવિત કાર્યક્રમમાં ભારત સરકારના કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ પધારનાર છે. જે કાર્યક્રમના સુચારૂ આયોજન માટે પંચમહાલ જિલ્લા કલેકટર સુજલ મયાત્રાના અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી તેમજ પંચામૃત ડેરીના મેનેજીંગ ડીરેકટર મીતેષ મહેતા અને પંચમહાલ ડિસ્ટ્રિકટ કો.ઓ.બેન્કના મેનેજીંગ ડીરેકટરની ઉપસ્થતિમાં જિલ્લાના સંબધિત અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર સુજલ મયાત્રાએ ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી ના ઓકિસજન પ્લાન્ટ અને પંચમહાલ ડિસ્ટ્રિકટ કો.ઓ.બેન્કના નવનિર્મિત ભવનના લોકાર્પણ સમારોહના સુચારૂ આયોજન અંગે પંચામૃત ડેરીના મેનેજીંગ ડીરેકટર, પંચમહાલ ડિસ્ટ્રિકટ કો.ઓ.બેન્કના મેનેજીંગ ડીરેકટર તેમજ જિલ્લાના સંબધિત અધિકારીઓ સાથે કાર્યક્રમ સંબધિત આયોજન અંગેની જાણકારી મેળવી તે સંદર્ભે કરવાની થતી કામગીરી માટે ચર્ચા વિચારણા કરી જરૂરી સલાહ સુચન કરી આ કાર્યક્રમને સુપરે પાર પાડવા માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેમણે ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી તેમજ જિલ્લા વહીવટી તંત્રના સંકલનમાં રહી કામગીરી કરવા જણાવ્યું હતું.

## દાહોદમાં યુવક-યુવતિના આપઘાત મામલે અદાવત રાખી યુવતિના પરિવારજનોની એક વ્યકિતને મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરમાં એક યુવક એક યુવતીના પ્રેમમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જે બાબતની અદાવત રાખી ત્રણ મહિલાઓ સહિત ચાર ઈસમોએ યુવતીના પરિવારજના એક વ્યક્તિને લાપટો ઝાપટો મારી તેમજ ગડદાપાટ્ટુનો માર મારી ઈજાઓ પહોંચાડતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

દાહોદ શહેરના યાદવ ચાલ ખાતે રહેતાં ચંદ્રકલાબેન ઉર્ફે છમ્મો રાજુભાઈ યાદવના પુત્ર મહાવીરને પોતાના વિસ્તારમાં આવેલ એક યુવતી સાથે પ્રેમ સંબંધ હોય અને દોઢેક માસ અગાઉ મહાવીર યુવતીના પ્રેમમાં પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જે મામલે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાઈ હતી અને જેમાં દાહોદ શહેરના યાદવ ચાલ ખાતે રહેતાં ધીરજભાઈ ઉર્ફે કાલીચા ગણેશભાઈ યાદવ તથા અન્ય બીજા બે ઈસમો વિરૂદધ ફરિયાદ નોંધાંઈ હતી અને કોર્ટમાંથી જામીન મુક્તિ પણ મળી ગઈ હતી. ત્યારે ગત તા.૦૮મી મેના રોજ ધીરજભાઈ ઉર્ફે કાલીચા તથા તેમની સાથે તેમનો મિત્ર દિપક અશોકભાઈ યાદવ એમ બંન્ને જણા દાહોદ શહેરના મહાલક્ષ્મી ફુટવેર પાસે રાત્રીના અગીયારેક વાગ્યાના આસપાસ બેઠા હતાં ત્યારે ચંદ્રકલાબેન ઉર્ફે છમ્મો, ગીતાબેન છોટાલાલ યાદવ, લક્ષ્મીબેન દશરથભાઈ યાદવ અને દિલીપભાઈ શંકરલાલ યાદવ એમ ચારેય જણા ધીરજભાઈ પાસે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, મારા છોકરા મહાવીરને તે મારી નાંખ્યો છે, અહીં કેમ આવ્યો છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ચારેય જણાએ ભેગા મળી ધીરજભાઈ સાથે ઝપાઝપી કરી, લાપટો ઝાપટા મારી અને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવી મારી નાંખવાની ધમકીઓ આપતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

આ સંબંધે ઈજાગ્રસ્ત ધીરજભાઈ ઉર્ફે કાલીચા ગણેશભાઈ યાદવે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કાલોલના બેઢીયા ગામે વરઘોડામાં એક યુવાનને તલવારનો ઘા મારતા ચાર વ્યકિતઓ સામે ફરિયાદ

કાલોલ,

કાલોલ તાલુકાના બેઢીયા ગામે એક યુવકના લગ્નનો વરઘોડો નીકળ્યો હતો જે દરમિયાન ગામના જયદીપભાઈ દલપતસિંહ ચૌહાણ બાઈક લઈ દુકાને વસ્તુ લેવા માટે જતા હતા દરમિયાન તે સમયે રસ્તામાં વરઘોડો નીકળ્યો હોવાથી ડી.જે.ના ગીતો પર નાચતા લોકોને હટાવવા માટે બાઈકનુ હોર્ન વગાડ્યુ હતુ. તે સમયે વરઘોડામાંથી ગામનો સતીષ લક્ષ્મણભાઈ ચૌહાણ નામનો શખ્સ જયદિપભાઈ પાસે આવીને કહેવા લાગેલ કે, તુ કેમ હોર્ન વગાડે છે તેમ કહેતા જયદિપે મારે પકોડા બનાવવા માટે બેસન લેવા માટે જવુ છે એટલે મોડુ થાય છે તેમ કહેતા સતીશ નામના શખ્સ જયદિપને ગાળો બોલીને તેના હાથમાની તલવારનો ઘા જયદીપના પેટના ભાગે કરી દીધો હતો. તદ્ઉપરાંત વિપુલ ગણપતભાઈ ચૌહાણ, હિતેશ રમણભાઈ ચૌહાણ અને રંગીત કોહ્યાભાઈ ચૌહાણ ચાર શખ્સોએ ભેગા મળીને માર માર્યો હતો. જયદિપભાઈએ પોતાના બચાવ માટે બુમાબુમ કરતા અન્ય લોકો આવી જતા જયદીપ ચૌહાણને છોડાવીને તલવારના ઘા થી ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ મારફતે દવા સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જે ઘટના અંગે વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ ચારેય શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી આગળ કાયદેસરની કાર્યવાહી હથ ધરી હતી.

## ગરબાડા-ભૂતવડ પ્રા.શાળાના આચાર્યને મોરારીબાપુના હસ્તે ચિત્રકુટ એવોર્ડ એનાયત


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

દાહોદ,

મહુવાના તલગાજરડામાં પૂ.વિશ્વ વંદનીય મોરારી બાપુના હસ્તે ગરબાડા તાલુકાના ભૂતવડ શાળાના આચાર્ય કિરણસિંહ બદુભાઈ ચાવડાને ચિત્રકૂટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

રાજયના પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પ્રતિષ્ઠિત ગણાતો શ્રેષ્ઠ શિક્ષક માટેનો ચિત્રકૂટ એવોર્ડ માટે ગરબાડાના શિક્ષકની પસંદગી.

સને ૨૦૦૦ની સાલ થી પ્રારંભ થયેલા આ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ પ્રતિવર્ષ અર્પણ થાય છે. તલગાજરડા તા. મહુવાની કેન્દ્ર વતીશાળા ચિત્રકૂટ ધામ ખાતે કુલ મળીને ૬૬ પ્રાથમિક શિક્ષકભાઈ બહેનો ને પૂ. મોરારી બાપુ દ્વારા ગુજરાતના દરેક જિલ્લા માંથી એક પ્રાથમિક શિક્ષકને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જયારે ૨૦૨૧નો ચિત્રકૂટ એવોર્ડ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના વજેલાવ ગામની ભૂતવડ પ્રા. શાળાના આચાર્ય કિરણસિંહ બદુભાઈ ચાવડાની પસંદગી થતા તેઓને ચિત્રકૂટ એવોર્ડ વિશ્વ વંદનીય પ.પૂ. મોરારી બાપુના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. ચિત્રકૂટ એવોર્ડ મેળવી રહેલ ભૂતવડ પ્રા. શાળાના આચાર્ય કિરણસિંહ બદુભાઈ ચાવડા સાથે સિતારામ બાપૂ તા.૧૧/૫/૨૦૨૨ સ્થાન ચિત્રકૂટ ધામ તલગાજરડા જી.ભાવનગર.

## ગરબાડાના ભરસડા ગામે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં બાઈક પાછળ બેઠેલ એક મહિલાનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ભરસડા ગામે એક મોટરસાઈકલના ચાલકે આગળ જતી અન્ય એક મોટરસાઈકલને પાછળથી ટક્કર મારતાં મોટરસાઈકલ પાછળ બેઠેલ એક મહિલા મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાતાં સારવાર દરમ્યાન મહિલાનું મોત નીપજ્યાનું જાણવા મળે છે. ગત તા.૧૦મી મેના રોજ ગરબાડા ગામે નવા ફળિયામાં રહેતાં મનોજકુમાર ઉદેસીંગભાઈ રાઠોડ અને તેમની સાથે કાળીબેન એમ બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ ભરસડા ગામેથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે પાછળથી આવતી અન્ય એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી મનોજકુમારની મોટરસાઈકલને પાછળથી જોશભેર ટક્કર મારતાં મનોજભાઈ અને મોટરસાઈકલ પાછળ બેઠેલ કાળીબેને બંન્ને જણા મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે બંન્ને સારવાર માટે નજીકના દવાખાને ખસેડવામાં આવતાં સારવાર દરમ્યાન કાળીબેનનું મોત નીપજ્યું હતું. આ સંબંધે ઈજાગ્રસ્ત મનોજકુમાર ઉદેસીંગભાઈ રાઠોડે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના નવા ગામે ઘાસમાં આગ લાગતાં એક ભેંસ અને બે બકરા બળીને ખાખ થયા

દાહોદ,

દાહોદ જિલ્લાના નવાગામ ખાતે ઘરની બાજુમાં મુકી રાખેલ ઘાસમાં એકાએક આગ ફાટી નીકળતાં એક ભેંસ અને ૨ બકરા બળીને ખાખ થઈ જતાં ત્રણેય પશુઓના મોત નીપજ્યાં હતાં.

ગત તા.૦૯મી મેના રોજ નવાગામ ખાતે માળી ફળિયામાં એક વ્યક્તિના ઘરની બાજુમાં મુકી રાખેલ ઘાસમાં આકસ્મીક રીતે આક ભભુકી ઉઠી હતી. આગે વિકરાળ રૂપ ધારણ કરતાં આખે આખુ ઘાસ આગની અગન જવાળાઓની લપેટમાં આવી ગયું હતું ત્યારે ઘાસની બાજુમાં રહેલ એક ભેંસ અને ૨ બકરા પણ આગની ચપેટમાં આવી જતાં ત્રણેય પશુઓ આગમાં સખ્ત બળી જતાં મોતને ભેટચાં હતાં જેને પગલે પરિવારમાં શોકની લાગણી વ્યાપી જવા પામી હતી.

## દાહોદ હાઈવે રોડ ઉપર કાર અને પીકઅપ વચ્ચે અકસ્માતમાં કાર સવારનું મોત



દાહોદ,

દાહોદ ખાતે ઈન્દોર અમદાવાદ હાઈવે રોડ ઉપર કાર અને પીકઅપ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં સવાર એક વ્યક્તિનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે ઉપર અવારનવાર અકસ્માતોની ઘટના બનતી રહે છે. ત્યારે ગતરોજ રાત્રીના સમયે ફરી એકવાર આ હાઈવે ઉપર અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. દાહોદ ખાતે ઈન્દોર અમદાવાદ હાઈવે ઉપર મોઈન્દોરથી દાહોદ આવતી કાર અને પીકઅપ ગાડી ધડાકાભેર સામસામે ભટકાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં સવાર વડોદરાના એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. જ્યારે પિકઅપ ગાડીમાં સવાર બે વ્યકિતઓને ઈજાઓ પહોંચી હતી. આ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ મારફતે સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યારે અકસ્માતમાં મોતને ભેટનાર વ્યક્તિની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવી હતી. આ ઘટનાની જાણ પોલીસને થતા પોલીસે ઘટના સ્થળે આવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મોડી રાત્રેની બનેલ આ ઘટનાને પગલે ઘટના સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યા હતા.

## ગરબાડામાં ગરમીના સમયે પાવર સપ્લાય બંધ કરતા લોકો ત્રાહિમામ

ગરબાડા,

પાછલા કેટલાક દિવસોથી ગરમીએ માઝા મુકી છે. ત્યારે લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને આવી ગરમીમાં જો લાઈટો બંધ રહે ત્યારે તો પુછવુ જ શુ...? ગરબાડા તાલુકામાં વહેલી સવારના ૬ વાગ્યાથી જ પાવર સપ્લાય બંધ કરી દેવામાં આવ્યો હતો. કોઈપણ જાતની જાણ કર્યા વગર પાવર સપ્લાય બંધ થતાં લોકો વીજ કંપનીની ઓફિસે તપાસ કરવા ગયા હતા ત્યારે હાજર અધિકારીઓએ જણાવ્યા અનુસાર નળવાઈ અને વજેલાવ સબ સ્ટેશન પરથી મેન્ટેનન્સના કારણે બંધ છે તેવુ જણાવવામાં આવ્યુ હતુ. લાઈટો બંધ રહેશે એવુ અગાઉથી કોઈપણ જાતની જાણ કર્યા વગર જ ૧૦ કલાક સુધી ગરબાડા તાલુકામાં લાઈટો બંધ રહેતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. લાઈટો બંધ રહેશે તેના માટે કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલી ઉર્જા મિત્ર એપ્લિકેશન પર પણ કોઈ પણ ગ્રાહકને જાણ કરવામાં આવતી નથી અને આડેધડ અચાનક લાઈટો બંધ કરતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.220

# હાલોલના શિવરાજપુર ઝીમીરા રીસોર્ટમાં જુગાર રમતા પકડાયેલ

# માતર ધારાસભ્ય સહિત ૨૬ લોકોને હાલોલ કોર્ટે બે વર્ષની સજા અને ૪ હજારનો દંડ ફટકાર્યો








**શિવરાજપુર ઝીમારા રીસોર્ટમાં ૨૦૨૧ના વર્ષમાં માતર ધારાસભ્ય સહિત ૨૬ લોકોને જુગાર રમતા પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા હતા. આરોપીઓમાં ૧૯ પુરૂષો અને ૭ મહિલાઓનો સમાવેશ થતો હતો. આજરોજ હાલોલ કોર્ટમાં સુનાવણી દરમિયાન ૨૪ લોકો હાજર રહ્યા હતા. જ્યારે બે મહિલા આરોપીઓ ગેરહાજર રહી હતી.**

હાલોલ,

હાલોલ શિવરાજપુરના ઝીમીરા રીસોર્ટમાં ૨૦૨૧ના વર્ષમાં રેઈડ કરી ધારાસભ્ય સહિત ૨૫ લોકોને જુગાર રમતા પાવાગઢ પોલીસ અને એલ.સી.બી. પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા હતા. આ કેસ હાલોલ કોર્ટમાં ચાલી જતાં આજરોજ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. હાલોલ કોર્ટ દ્વારા ધારાસભ્ય કેશરીસિંહ સોલંકી સહિતના ૨૫ આરોપીઓને ૨ વર્ષની સજા અને ૪ હજાર રૂપીયાનો દંડ ફટકારવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ શિવરાજપુરના ઝીમોરા રીસોર્ટ જુલાઈ ૨૦૨૧ના વર્ષમાં પાવાગઢ પોલીસ અને એલ.સી.બી. પોલીસ દ્વારા રેઈડ કરવામાં આવી હતી. રેઈડ દરમિયાન માતર ધારાસભ્ય કેશરીસિંહ સોલંકી સહિત ૨૬ લોકોને જુગાર રમતા ઝડપાયા હતા અને ૧ કરોડ થી વધુનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. આ જુગારના કેશ હાલોલ કોર્ટમાં ચાલી જતા આજરોજ કોર્ટ દ્વારા મૌખિક જુબાનીઓ અને મુદ્દામાલ સહિતના પુરાવાઓના આધારે સુનાવણી કરવામાં આવી હતી. કોર્ટ દ્વારા માતર ધારાસભ્ય કેશરીસિંહ સોલંકી સહિત ૨૬ લોકોને જુગાર ધારામાં સજા કરતાં ૨ વર્ષની સજા અને ૪ હજાર દંડ ફટકાર્યા હતો. આજરોજ હાલોલ કોર્ટમાં સુનાવણી દરમિયાન હાજર રહેલ માતર ધારાસભ્ય કેશરીસિંહ સોલંકી મીડીયાથી મોઢું છુપાવવા માટે દોડીને ગાડીમાં બેસી ગયા હતા. શિવરાજપુર રીસોર્ટમાં જુગાર રમવાના કેશમાં ધારાસભ્ય સહિત ૨૬ વ્યકિતઓને ૨ વર્ષથી સજા અને ૪ હજાર રૂપીયાના દંડ ફટકારવામાં આવ્યો તેમજ શિવરાજપુર ઝીમીરા રીસોર્ટનો પરવાનો રદ કરવાનો હુકમ કરવામાં આવ્યો.

## ગોધરા તાલુકાના પોપટપુરાના સર્વેની ૭૩ એ.એ.વાળી જમીનોમાં અસમાજીક તત્વોના દબાણો દુર કરી ૭૩ એ.એ.ની નોંધ ૭/૧૨, ૮-અ માં કરાશે ખરી ?

ગોધરા,

મોજે પોપટપુરાના રે.સ.નં. ૬૦/૫૨ તથા ૬૦/૫૨ પૈકી વાળી જમીનો ૭૩ એ.એ.વાળી આવેલી હતી. તે નોંધ ૧૧૫૮ જે તે સમયના કર્મચારીઓ દ્વારા સરકારના આદેશો અનુસાર વડોદરા ટીમે પંચમહાલ જીલ્લાની ૭૩ એ.એ.વાળી જમીનોમાં નોંધ નં.૧૧૫૮ બાબતે કોઈ જમીનોનો ઉલ્લેખ કરવામાં આવેલ ન હતો. પરંતુ આ બાબતે તકેદારી આયોગ મારફતે તપાસ કરાવતા જે તે સમય સર્કલ નિવૃત એમ.એમ.વણકર દ્વારા યોગ્ય રેવન્યુ નોંધો નિરીક્ષણ કરતા નોંધ નં.૭૩ એ.એ.વાળી ૧૧૫૮નો રીપોર્ટ કરતા જે ૬૦/૫૨ ૮–૩૩ એ –ગુ. વાળી જમીનમાં સરકારી કર્મચારી નિવૃત્ત દ્વારા પોતાના પિતાના નામે કરી અને ૭૩ એ.એ.ના પરીપત્ર ૧૯૮૧ના સરકારનું અનાદાર બદલ યોગ્ય પ્રાંત અધિકારી દ્વારા કાયદાનો તથા સરકારનો ભંગ કરેલ બાબતે હુકમ કરાયો હતો.

ડી.એમ.સોલંકી (જી.એ.એસ.) નાયબ કલેકટર ગોધરા પ્રાંત અધિકારી આથી પોપટપુરાના ગોધરા રે.સ.નં.૬૦/૫૨ પૈકી એકર ૫–૦૦ ગુંઠા વાળી ખેતી કેડે આવેલ જમીનના કામે વેચાણ હકકે થયેલ તબદીલી ગામ દફતરે દાખલ થયેલ ફેરફાર નોંધ નં.૧૨૦૮ તા.૩/૧/૧૯૮૩ જ.મ.ક. કલમ ૭૩ એ.એ.ની જોગવાઈઓ વિરૂદ્ધની હોય આ જમીન સરકાર હસ્તક દાખલ કરવા હુકમ કરૂ છું. હુકમ મુજબ ગામ દફતરે જરૂરી નોંધ કરવી આજ તા.૧૯ મી માર્ચ ૨૦૧૦ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો હતો.

આ બાબતે એ.આઈ.મદારી દ્વારા એસ.એસ. આરડીમાં મનાઈ માંગેલ તે કાઢી નાખી રીમાન્ડર પંચમહાલ જીલ્લામાં અપીલ કરાવેલ પરંતુ પંચમહાલ જીલ્લાના યોગ્ય અધિકારી તપાસ કરી કોઈપણ જાતના શહેશરમ વગર સાચી હકીકતો અપીલ અધિકારીનું ધ્યાન કેન્દ્રીત કરી અપીલ નામંજુર કરાવેલ ત્યારબાદ જાગૃત નાગરિક દ્વારા ગુજરાત રાજય પરિપત્ર ક્લમ ૭૩ એ.એ. પેટા કલમ (૭) દંડ કરવા અરજી આપેલ જે જીલ્લા કલેકટરના કર્મચારીઓ અધિકારીઓ દ્વારા જે તે સમયનાઓએ કરેલ નથી.

આ બાબતે જાગૃત નાગરિક દ્વારા (૧) મુખ્યમંત્રી, (૨) તકેદારી આયોગ, (૩) મહેસુલ મંત્રી, (૪) મહેસુલ તપાસણી કમિશન અને મંત્રીઓ સમક્ષ રજુઆતો કરવામાં આવેલ છે. તેમજ જીલ્લા કલેકટર નં. જમન/વશી/૪૭૮૫/૨૦૧૫ તા.૧૮/૫/૧૫ની તા.૧૯/૧૨/૧૫ કલમ, ૬૧ તથા ૨૦૨ના આદેશો આપી દબાણ ખુલ્લુ કરવા તાત્કાલીક પગલા લેવાનો નિવાસી અધિક કલેકટર પંચમહાલ ગોધરા દ્વારા સુચનાઓ આપવામાં આવેલ છે. જે આજ દીન સુધી કાર્યવાહી કરેલ નથી.

મોજે પોપટપુરા તાલુકા ગોધરા ૬૦/૫૨ ૭૩ એ.એ. નિયંત્રણવાળી જમીન બાબતે જીલ્લા કલેકટર પંચમહાલ નં.વી.પી.જમન/વશી/૧૯૫૭/૫૮/૨૦૨૧ તા.૨૭/૭/૨૦૨૧ના રોજ તથા ૬/૩/૨૦૨૧ રોજ નાયબ મામલતદાર દુષ્ણ મહેતા પત્રમાં દબાણ કે અન્ય બાબતનો ઉલ્લેખ કરી કરાવવામાં આવેલ નથી. વારંવાર સરકાર પરિપત્રો દબાણ સરકારી દુર કરી કરવાના સખ્ત સુચનાઓ સાથે આપેલ હોવા છતાં જીલ્લા કલેકટરના કર્મચારીઓ દ્વારા સમક્ષ અધિકારીને પત્ર પાડવતા પહેલા શબ્દોનો અર્થઘટન કરી ખુબ જ મોટા પ્રમાણમાં વિલંબો સરકારી ગેરરીતિઓ હોવા છતાં સરકારનું સરકારી પગારો ભથ્થા ઈજાફા વિગેરે સુવિધાઓ લેવા છતાં સરકારી જમીનો ઉપર દેખરેખ તથા ચી.ટુ.કલેકટર મુખ્ય વહીવટદાર, અધિક કલેકટર, જીલ્લા કલેકટર પંચમહાલ તરફ ધ્યાન દોરવામાં આવતું નથી. મુંબઈ જમીન મહેસુલ કાયદા ૧૮૭૯ની કાયદાની કલમ ૨૦૨ તા.૧૧/૩/૧૫ મુજબની નોટીસ જી.કલેકટર પંચમહાલ ગોધરાના કોઈપણ સરકારી દબાણ નોટીફિકેશન નં.એડી.એમ.એસ./ઓ/વશી/૧૪૫૦ તા.૨૬/૭/૧૯૭૯ નું જે તે સમયના કર્મચારીઓ અધિકારીઓએ સરકારના પરિપત્રમાં પણ જીલ્લા કલેકટરોને કાગળ ઉપર નહી પરંતુ સાચી હકીકતોથી ભાર પૂર્વક જણાવી આદેશો આપવામાં આવેલ છે.

જે અધિકારીના કક્ષાએ થતી કાર્યવાહી કરશે કે કેમ સરકારી જમીન ઉપર દબાણ હટાવશે કે કેમ જે રજુઆત નાયક દ્વારા ગાંધીનગર સુધી કરેલ તથા જાગૃત નાગરિક દ્વારા ભારપૂર્વક રેકર્ડ ઓફ નોંધ બાબતે કાર્યવાહી કરવા જણાવેલ છે.

### ગુસર વન વસાહત ગામ રેવન્યુ હેડે થતાં ૨૭ ખેડૂત ખાતેદારો-વાલૈયા અને

## ગુસર નવી વસાહતના ૭૮ ખેડૂત ખાતેદારોને વન અધિકાર હેઠળ જમીનની સનદો ધારાસભ્ય અને મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવી



ગોધરા,


ગુજરાત સરકારના મહેસુલ અને વન વિભાગ દ્વારા વન વસાહત ગામ ગુસર રેવન્યુ હેડે થયેલ હોય ખાતેદારોને જમીનની સનદો અને વાલૈયા અને ગુસર નવી વસાહતના ખાતેદારોને વન અધિકાર હેઠળ જમીનની સનદો આપવાનો કાર્યક્રમ ગુસર પ્રાથમિક શાળાના પટાંગણમાં ગોધરા ધારાસભ્ય સી. કે રાઉલજીના અધ્યક્ષ સ્થાને અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં મંગલદીપ પ્રગટાવી ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમને સંબોધન કરતા ધારાસભ્ય સી. કે રાઉલજીએ જણાવ્યું હતું કે, વન વસાહત ગામ ગુસરને રેવન્યુ હેડે કરવા તેમજ વાલૈયા અને ગુસર નવી વસાહતના ખાતેદારોને વન અધિકાર હેઠળ જમીનની સનદો આપવાનો પ્રશ્ન ચાલીસ વર્ષ જુનો હતો. જેના કારણે અહી વસતા ખેડૂત ખાતેદારોને સરકાર પ્રધાનમંત્રી સન્માન નિધિ યોજના, રાષ્ટ્રીય અને કોપરેટીવ બેંકો માંથી પાક ધિરાણ, પાક વિમા યોજના તેમજ ખેતીને લગતી વિવિધ યોજનાઓનો લાભ મળતો નહોતો. સરકાર માં આ ગામોની વર્ષોની માંગણી નો સંતોષકારક નિકાલ આવતાં આજે મારા કાર્યક્ષેત્ર હેઠળના ગામના ખેડૂત ખાતેદારોને વન વસાહત ગામ ગુસર રેવન્યુ હેડે થયેલ હોય ૨૭ જેટલા ખાતેદારોને સનદો અને વાલૈયા અને ગુસર નવી વસાહતના ૭૮ જેટલા ખાતેદારોને વન અધિકાર હેઠળ જમીનની સનદો મળતા સરકારના ખેડૂતલક્ષી અભિગમને બિરદાવી અને જે ખેડૂત ખાતેદારોને જમીનની સનદો મળી છે તેમને શુભેચ્છા પાઠવી હતી અને હવે તેમને સરકારની વિવિધ યોજનાઓનો લાભ મેળવશે. તેમણે જિલ્લા અને તાલુકા વહીવટી તંત્ર દ્વારા થયેલ ઝડપી કામગીરી ની સરાહના કરી હતી. આ કાર્યક્રમમાં વન વસાહત ગામ ગુસર રેવન્યુ હેડે થયેલ હોય તેવા ૨૭ જેટલા ખેડૂત ખાતેદારોને જમીનની સનદો અને વાલૈયા અને ગુસર નવી વસાહતના ૭૮ ખેડૂત ખાતેદારોને વન અધિકાર હેઠળ જમીનની સનદો ધારાસભ્ય સી. કે રાઉલજી અને મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવી હતી. જે લાભાર્થીઓને સનદો મળી હતી તેમણે સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી એન.બી. રાજપૂત, એ.પી.એમ.સી. ગોધરાના ચેરમેન રાજેન્દ્રસિંહ ચૌહાણ, પંચમહાલ જિ.સહ.ખ.વે. સંઘલી ના ચેરમેન ચંદ્રસિંહ રાવલજી, કિસાન મોરચા પ્રમુખ ખુમાનસિંહ ચાંહાણ અને અગ્રીણી ગોપાલભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આ વેળાએ ગોધરા મામલતદાર કુંભાણી,જિલ્લા પંચાયત દંડક અરવિંદસિંહ પરમાર, જિલ્લા પંચાયત સભ્ય વિનોદભાઈ ભગોરા, ટી.એસ.પી. કચેરીના રીઝવાન, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યઓ, ગુસર નવી વન વસાહત અને વાલૈયા ગામના સરપંચ પારસીંગભાઈ, ડેપ્યુટી સરપંચ, ગ્રામ પંચાયત સભ્યઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહયાં હતા.

## કાલોલ તાલુકામાં કરીયાણાની દુકાનમાં શ્રીફળ લેવા આવેલ ઈસમે દુકાનદારના ગલ્લા માંથી ૫૦ હજારની ચોરી કરી ફરાર



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકાના ગામમાં રહેતા કિંજલ શાહ કરિયાણાની દુકાન તેમજ સરકારી દુકાનના ચલાવે છે. બુધવારના રોજ બપોરના સમયે અચાનક એક ગઠિયો તેમની દુકાનમાં આવી સૌપ્રથમ શ્રીફળ લેવા માટે કાઉન્ટર ની બાજુમાં જાય છે. દુકાનમાં કામ કરતાં અન્ય લોકો આસપાસ થઈ જતા એકલતાનો લાભ લઈ દુકાનદાર કિંજલ ભાઈને નમકીનના પડીકા આપવાનું જણાવતા દુકાનદાર કીંજલભાઈ શાહ નમકીન ના પડીકા લેવા માટે ઊભા થતા જ તકનો લાભ લઈ કાઉન્ટરમાં પડેલા પચાસ હજારની લૂંટ કરી તાત્કાલિક ગઠિયો ફરાર થઈ જાય છે. જોકે કિંજલભાઈ શાહ દ્વારા કાઉન્ટરમાં જોતા ૫૦,૦૦૦ /– રોકડનું બંડલ જોવા ન મળતા તાત્કાલિક સીસીટીવી કેમેરા ચેક કરતા માલુમ પડે છે કે લૂંટ કરવા આવેલ ગઠિયો તેમને ૫૦ હજારનો ચકમો આપી લૂંટ કરી ફરાર થઈ ગયો હોવાનો સી. સી. ટી. વી કેમેરામાં લૂંટ કરી જનાર ગટીયો નજરે પડે છે.

## પ્રોપટી બાબતે જેઠની હેરાનગતિથી તંગ મહિલાએ અભયમની મદદ માંગી

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં થી ૧૮૧ મહિલા હેલપલાઈન પર પીડિત મહિલાનો કોલ આવતાં તેમણે જણાવેલ કે તેમના જેઠ પ્રોપટી બાબતે તેમની સાથે ઝઘડો કરી તેમને અપશબ્દો બોલે છે. પંચમહાલ અભયમ રેસક્યું વાન તાત્કાલિક સ્થળ પર પહોંચી પીડિત મહિલાનું કાઉન્સિલીંગ કરતાં તેમણે જણાવેલ કે તેમના જેઠ પ્રોપટી બાબતે ઝઘડો કરી તેમને અપશબ્દો બોલે છે. તેમનાં સસરાની પ્રોપટી છે, જેઓ અત્યારે હયાત નથી. આજ રોજ પીડિત મહિલા પાણીનાં પંપે પાણી લેવા ગયા તો તેમનાં જેઠે તેમણે પાણી નઈ ભરવા દેવા જણાવી તેમની સાથે ઝઘડો કર્યો. અને તે પંપ માં પાણીની મોટર નખવી દવ તેમ જણાવ્યું.આ બાબતે લડાય થતાં તેમણે પિડીત મહિલાને અપશબ્દો બોલતા બંને પક્ષ વચ્ચે ઝગડો થતાં સામે સામે એક બીજાને અપશબ્દો બોલ્યાં. પિડીત મહિલાનાં જેઠનું કાઉન્સિલીંગ કરી તેમને સમજાવ્યા અને કાયદાકીય માહિતી આપી. તેમણે તેમની ભૂલ પર પસ્તાવો થયો અને આજ પછી તેમનાં નાના ભાઈની પત્ની ને અપશબ્દો નહિ બોલે અને તેમને તેમની વહુ તરીકેનું માન આપશે. પિડીત મહિલાએ પણ જણાવ્યું કે તેઓ પણ ઝઘડામાં તેમના જેઠને અપશબ્દો બોલી ગયા હશે પરંતુ હવે તેઓ પણ તેમણે મોટા ભાઈ તરીકે માન આપશે અને એવા શબ્દો નાં બોલે. આમ બને પાત્ર તેમની ભૂલ સ્વીકારી એક બીજાને માન હાની પહોંચાડે તેવા શબ્દો નહિ બોલે તેમ જણાવ્યું. આ રીતે ૧૮૧ મહિલા હેલપલાઈન ની ટીમે બંને પત્રનું અસરકારક કાઉન્સિલીંગકરી બંને પક્ષ વચ્ચે સમાધાન કરાવ્યું.

## વેજલપુર ગ્રામ પંચાયતના ગેટની સામે બાઈક ચાલકો દ્વારા આડેધડ પાર્કિંગ



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયત ના ગેટ સામે બાઈક ચાલકો દ્વારા બાઈકો રસ્તા ઉપર પાર્ક કરી આજુબાજુ ખરીદી કરવા જતા રહે છે અને આજુબાજુ ખરીદી કરવા જવા માટે ગ્રામ પંચાયતના ગેટની વચ્ચો વચ પાર્ક કરીને જતા રહે છે. જેના કારણે વેજલપુર ગ્રામ પંચાયતમાં આવતા અરજદારોને મુશ્કેલીઓ વેઠવી પડે છે અને ગ્રામ પંચાયતમાં ફોરવહીલ ગાડી લઈને આવતા લોકોને મુશ્કેલીઓ વેઠવી પડે છે. જેથી કરી ગેટની સામે બાઈકો પાર્ક કરવામાં ન આવેતો લોકોને પડતી મુશ્કેલીઓ દૂર થાય તેમ છે.

### જીલ્લા પોલીસવડા હિમાંશુ સોલંકીનો સપાટો

## પંચમહાલ જીલ્લામાં એક ઝાટકે ૩૯૪ પોલીસ કર્મચારીઓની આંતરીક બદલી કરી

### જીલ્લા પોલીસ મથકોના ૬ PSI સહિત હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ સુધીના કર્મચારીઓની બદલીના આદેશ કર્યા

ગોધરા,

પંચમહાલ જીલ્લા પોલીસવડા દ્વારા જીલ્લા પોલીસ તંત્રમાં ફેરબદલીનો દોર શરૂ કરાયો છે. જીલ્લા પોલીસવડા એ એક સાથે ૩૯૪ જેટલા પોલીસ કર્મચારીઓની આંતરીક ફેરબદલીના આદેશ કર્યા છે. જેમાં ૬ પી.એસ.આઈ. અને એ.એસ.આઈ. થી માંડીને હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે.

આ અંગેની મળતી માહિતી મુજબ પંચમહાલ જીલ્લા પોલીસવડા હિમાંશુ સોલંકી એ જીલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા તેમજ વર્ષોથી એક જ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી રહેલ પોલીસ કર્મચારીઓની એક સાથે બદલીના આદેશ કરતાં જ પોલીસ બેડામાં કહી ખુશી કહી ગમનો માહોલ સર્જાયો હોય તેમ જોવા મળી રહ્યો છે. ત્યારે એક સાથે ૬ પી.એસ.આઈ અને અન્ય ૩૮૮ પોલીસ કર્મચારીઓની આંતરીક બદલી કરવાનો જીલ્લામાં પ્રથમ બનાવ છે. જેમાં પી.એસ.આઈ., હેડકોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ, ટ્રાફિક પોલીસ વિગેરેનો સમાવેશ થાય છે. ત્યારે જીલ્લાવાસીઓ દ્વારા આ બદલીઓ સુચક માનવામાં આવી રહી છે.

જીલ્લા પોલીસવડા દ્વારા ગોધરા એ ડીવીઝન, ગોધરા બી ડીવીઝન , ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન, મહિલા પોલીસ સ્ટેશન, કાંકણપુર, શહેરા, મોરવા(હ), દામાવાવ, રાજગઢ, જાંબુઘોડા, પાવાગઢ, હાલોલ રૂલર, હાલોલ ટાઉન, કાલોલ, વેજલપુર પોલીસ સ્ટેશન તેમજ એલ.સી.બી. શાખા, એસ.ઓ.જી. શાખા, પેરોલ ફ્લો સ્કોર્ડ સાથે જીલ્લા ટ્રાફિક શાખા, સીટી ટ્રાફિક શાખા, સાયબર સેલ જેવા વિવિધ પોલીસ મથકો તેમજ શાખાઓમાં લાંબા સમય થી ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની એક્સાથે બદલી કરાતા પોલીસ બેડામાં સોપો પડી ગયો છે.

## ગોધરા ખાડી ફળીયા સિંદુરી માતા મંદિર પાસે વરલી મટકાનો જુગાર રમતા ૬ ઈસમોને પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા ખાડી ફળીયા સિંદુરી માતાના મંદિર પાસે ખુલ્લામાં વરલી મટકાનો ફરક આંકનો જુગાર રમાતો હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ૬ ઈસમોને ૩૨,૭૪૦/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા ખાડી ફળીયામાં સિંદુરી માતા મંદિર પાસે ખુલ્લામાં કેટલાક ઈસમો વરલી મટકાના ફરક આંકનો જુગાર રમી રહ્યા હોય તે સ્થળે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન રાજેન્દ્ર ઉર્ફે લાલો નાનુભાઈ બારીયા, ઉસ્માન ઉર્ફે માનીયો ચાંદ ધોબી, ગુલામસિંહ મંગળસિંહ બારીયા, કાન્તીભાઈ બાબુભાઈ પટેલ, જગદીશ વિઠ્ઠલભાઈ સોલંકી, ભુપેન્દ્ર કાન્તીલાલ ડબગરને રોકડા ૨૭૪૦/–રૂપીયા, બાઈક–૨ મળી કુલ ૩૨,૭૪૦/–રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યો. જ્યારે આંકડા લખવા બેસનાર રાજુ પ્રભુદાસ ખ્રિસ્તી, સુનિલ ઉર્ફે સુનકો પ્રભુદાસ ખ્રિસ્તી હાજર મળી આવ્યા ન હતા. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરીયાદ નોંધાવામાં આવી.

## પાવાગઢ દુધિયા તળાવ પાસેથી ૪૫ વર્ષિય ધોળકાના આધેડનો મૃતદેહ મળી આવ્યો

હાલોલ,

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના ટપરપુરા ગામે રહેતા અંદાજે ૪૦ થી ૪૫ વર્ષની આયુ ધરાવતા ધનશ્યામભાઈ લાલજીભાઈ જાધવ મહાકાળી માતાજીના દર્શન માટે પાવાગઢ આવ્યા હતા જેમાં પાવાગઢ ડુંગર પર આવેલ દુધિયા તળાવ પાસેના એક ઓટલા ઉપ ધનશ્યામભાઈ બપોરના સુમારે આરામ કરવા માટે સુઈ રહ્યા હતા તે સુઈ રહેલ હાલતમાં જ કોઈ કારણોસર કુદરતી રીતે ધનશ્યામભાઈનુ મૃત્યુ નીપજયું હતુ. અને ધનશ્યાભાઈ મૃત હાલતમાં મળી આવ્યા હતા. જેમાં આસપાસના લોકોએ બનાવ અંગેની જાણ પાવાગઢ પોલીસ મથકે કરતા પોલીસ દુધિયા તળાવ ખાતે આવી હતી. તેઓના મોબાઈલ ફોન મારફતે ધનશ્યામભાઈને ઓળખ કરી ધોળકાના ટપરપુરા ખાતે તેઓના પરિવારજનોને બનાવની જાણ કરી ધનશ્યામભાઈના મૃતદેહને હાલોલ રેફરલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

## કાલોલના ગધેડી ફળીયાના વરઘોડામાં પથ્થર મારાની ઘટનામાં રાયોટીંગના ગુનામાં ૮ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા

કાલોલ,

કાલોલના ગધેડી ફળીયામાં નિકળેલ લગ્નના વરઘોડા ઉપર રબ્બાની મસ્જીદ પાસે સામાન્ય બોલાચાલીમાં ઝગડો વધતા મુસ્લીમ કોમના ટોળા દ્વારા પથ્થરમારો કરીને શાંતિ ડહોળવાના પ્રયાસ કરાયો હતો. પોલીસે ઘટના સ્થળે દોડી આવી મામલો ઠાળે પાડયો હતો. આ બાબતે પોલીસે રાયોટીંગના ગુનામાં બન્ને તરફી ગુનો નોંધાવા પામ્યો હતો. આ ગુનામાં બન્ને પક્ષના આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા.

કાલોલ ગધેડી ફળીયામાં રહેતા ફરિયાદીના ઘરે લગ્ન પ્રસંગ હોય અને ૧૦ એપ્રિલના રોજ રાત્રીના સમયે લગ્નનો વરઘોડો નિકળેલ હતા અને સડક ફળીયામાં ઉર્દૂ શાળા થઈ નગર પાલિકા ત્રણ ફાનસ થઈ મસ્જીદવાળા રસ્તે વરઘોડો આવી રહ્યો હતો. રબ્બાની મસ્જીદ નજીક ડી.જે. બંધ થઈ ગયેલ તેવામાં સામાન્ય બોલાચાલી થયેલ હતી. તેમાં લુકમાન હાથમાં પથ્થર લઈ બગ્ગી ઉપર માર્યો હતો અને અનય મુસ્લીમ ટોળાને ઉશ્કેરતા ટોળા દ્વારા પથ્થર મારો કરવામાં આવ્યો હતો. વરઘોડા ઉપર પથ્થર મારાની ઘટનાને લઈ જીલ્લા પોલીસવડા સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને મામલો શાંત પાડયો હતો અને આ બાબતે કાલોલ પોલીસ મથકે મુસ્લીમ કોમના ૧૪ ઈસમો અને ટોળા સામે રાયોટીંગનો ગુનો નોંધાવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા લુકમાન ઈબ્રાહીમ ઘોડાવાલા, રમજાન ઉર્ફે કોગંજ શબ્બીર ઘોડાવાલા, મજીત ઉર્ફે રજજક ગામણ ઈસ્માઈલ સબે, હુસેન ઈસ્માઈલ ઘાંચી, અરબાજ મજીત ઉર્ફે રજજક ગામણ ઈસ્માઈલ શેખ, શોએબ અબ્દુલ સલામ કમોડીયા, ઈદરીશ ઈસુલ શેખ, સલમાન ઈદરીશ પટેલને ઝડપી પાડવામાં આવ્યા. જયારે સામા પક્ષેથી પણ ૧૪ વ્યકિતઓ સામે ફરિયાદ નોંધાવામાં આવી છે. તમામ આરોપીઓ પકડવાના બાકી છે.